પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97

વર્ષ:૨૫, અંક:૧૦૯, કુલ પાના:૪, તારીખ: ૩૦-૧૨-૨૦૨૧ ગુરૂવાર, કિંમત રૂા.૧.૫૦/-,VOLUME/YEAR : 25, ISSUE : 109 PRICE :-RS. 1.50 DATE : 30-12-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

Whatsapp No.9712880678

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯,૧૯૫ કોરોનાનાં નવા કેસ આવ્યા



નવીદિલ્હી,

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૯,૧૯૫ કોરોનાનાં નવા કેસ આવ્યા હતા. જે ગઈકાલની સંખ્યા કરતાં ૪૪.૬ ટકા વધારે છે. વેકસીનેશન અભિયાન અંતર્ગત આજ સુધીમાં ૧૪૩.૧૫ કરોડ લોકો વેક્સિનના ડોઝ લઈ ચૂક્યા છે. ભારતમાં એક્ટિવ કેસની સંખ્યા હાલ ૭૭,૦૦૨ છે અને રિકવરી રેટ ૯૮.૪૦ % છે.

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૭,૩૪૭ દર્દીઓ રિકવર થયા હતા. જેની સંખ્યા વધીને ૩,૪૨,૫૧,૨૯૨ થઈ ગઈ છે. અમે છેલ્લા ૨૪ કલાકમાં ૩૦૨ દરીઓના મોત થયા હતા. જે સંખ્યા વધીને હવે ૪,૮૦,૫૯૨ થઈ ગઈ છે.

કોરોનાનાં નવા વેરિયન્ટ ઓમીક્રોન હવે માથાનો દુખાવો બન્યો છે. હવે દેશના ૨૧ રાજ્યોમાં કોરોનાનાં ઓમીક્રોન વેરિયન્ટના કેસ નોંધાઈ ચૂક્યા છે. દિલ્હીમાં ઓમીક્રનનાં સૌથી વધુ ૨૩૮ કેસ નોંધાયા છે અને મહારાષ્ટ્રમાં ૧૬૭ કેસ નોંધાયા છે.

દિલ્હીમાં દિલ્હી ડિઝાસ્ટર મેનેજમેન્ટ એસોસિએશન દ્વારા વધતાં કેસોને પગલે અલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આ નિણર્ય બાદ દિલ્હીમાં મંગળવારે સ્કૂલ કોલેજ, સિનેમા અને જિમ તરત બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો હતો. સાથે દુકાનો, સરકારી પરિવહન સહિત અનેક્ પ્રતિબંધો પણ લગાવવામાં આવ્યા હતા.

ઉત્તરપ્રદેશને કોરોના અસરગ્રસ્ત રાજ્ય તરીકે જાહેર કરવામાં આવ્યું છે. ફેબ્રુઆરીમાં ઉત્તરપ્રદેશમાં કોરોનાનાં કેસના કારણે ત્રીજી લહેરની સંભાવના છે એવું કારણ આપવામાં આવ્યું હતું.

છેલ્લા ૨૪ કલાકમાં ઉત્તરપ્રદેશમાં કોરોનાનાં ૮૦ નવા કેસ આવ્યા હતા અને તેના કારણે હવે ઉત્તરપ્રદેશમાં એક્ટિવ કેસની સંખ્યા ૩૯૨ થઈ ગઈ છે. સામે ગુજરાત રાજ્યમાં કોરોનાના ૩૯૪ કેસ નોંધાયા હતા. અને એક્ટિવ કેસની સંખ્યા ૧૪૨૦ છે

ગુજરાત રાજ્યમાં કોરોનાના ૩૯૪ કેસ નોંધાયા હતા. અને એક્ટિવ કેસની સંખ્યા ૧૪૨૦ છે. તો પણ ગુજરાતને કોરોના પ્રભાવિત રાજ્ય જાહેર કરવામાં નથી આવ્યું. જેના કારણે ગુજરાત સરકાર અને આરોગ્ય વિભાગ સામે કેટલાક પ્રશ્નો ઊભા થાય એવી સંભાવના છે. ગુજરાતનાં ૧૪૨૦ દર્દીઓ પૈકી ૧૬ દર્દીઓ વેન્ટિલેટર પર રખાયા છે એટલે કે ગંભીર સ્થિતિનો સામનો કરી રહ્યા છે.

## કોરોના મહામારીએ અમેરિકા અને યુરોપમાં અજગર ભરડો લીધો

કોરોના મહામારીએ અમેરિકા અને યુરોપમાં અજગર ભરડો લીધો છે. અમેરિકન સરકારે જણાવ્યું હતું કે દેશમાં કોરોનાના નવા કેસમાં ઓમિક્રોન વેરિઅન્ટના ૫૯ ટકા જેટલા કેસ જોવા મળી રહ્યા છે. અગાઉના સપ્તાહે કોરોનાના કેસમાં ઓમિક્રોનના કેસનું પ્રમાણ ૨૩ ટકા હતું. અમેરિકામાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના નવા ૨.૨૯ લાખ કેસ નોંધાયા હતા. બીજીબાજુ યુરોપમાં બ્રિટન ઉપરાંત સ્પેન જેવા દેશોમાં પણ કોરોના વકર્યો છે. સ્પેનમાં કોરોનાના નવા ૨,૧૪,૬૧૯ કેસ નોંધાયા છે. દુનિયામાં કોરોનાના કુલ કેસ ૨૮,૨૩,૫૪,૨૪૪ થયા છે જ્યારે મૃત્યુઆંક ૫૪,૨૬,૫૦૮ થયો છે.

અમેરિકામાં સેન્ટર્સ ફોર ડીસીસ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન વિભાગે જણાવ્યું હતું કે, દેશમાં કોરોનાના નવા કેસમાં ઓમિક્રોનના કેસનું પ્રમાણ સતત વધી રહ્યું છે, જેને પગલે કોરોનાના દર્દીઓના હોસ્પિટલમાં દાખલ થવાનું પ્રમાણ પણ વધ્યું છે. પરિણામે મોટાભાગના રાજ્યોમાં હોસ્પિટલાઈઝેશનનો દર ટોચના સ્તર નજીક છે. ઓહાયા, ઈન્ડિયાના અને ડેલવેરમાં હોસ્પિટલમાં દાખલ થનારા કોરોનાના દર્દીઓનું પ્રમાણ ૮૦ ટકા જેટલું ઊંચું નોંધાયું છે. અમેરિકામાં કોરોનાના નવા ૨,૨૯,૦૧૬ કેસ નોંધાવાની સાથે કુલ કેસ ૫,૩૭,૯૧,૮૫૨ થયા હતા જ્યારે વધુ ૮૨૩નાં મોત સાથે મૃત્યુઆંક ૮,૩૯,૬૦૫ થયો હતો.

યુરોપમાં બ્રિટન ઉપરાંત હવે સ્પેનમાં પણ કોરોનાનો હાહાકાર જોવા મળી રહ્યો છે. સ્પેનમાં સોમવારે મોડી રાત્રે કોરોનાના નવા ૨,૧૪,૬૧૯ કેસ નોંધાયા હતા. આ સાથે કુલ કેસ ૫૯,૩૨,૬૨૬ થયા હતા જ્યારે મૃત્યુઆંક ૮૯,૧૩૯ થયો હતો. સ્પેનમાં ઓમિક્રોન વેરિઅન્ટના કારણે કોરોનાના કેસમાં અસાધારણ ઉછાળો આવ્યો છે તેમ વૈજ્ઞાનિકોએ જણાવ્યું હતું. કોરોનાના કેસ વધતાં સ્પેને અનેક પ્રદેશોમાં નિયંત્રણો લાગુ કર્યા હતા.

બ્રિટનમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧,૨૯,૪૭૧ કેસ નોંધાયા છે. આ સાથે કોરોનાના કુલ કેસ ૧,૨૩,૩૮,૬૭૬ થયા છે અને મૃત્યુઆંક ૧,૪૮,૦૨૧ થયો છે. કોરોનાના કેસ વધવા છતાં નવા વર્ષની ઊજવણી પહેલાં લોકડાઉન લાગુ નહીં કરવાનો સરકારે નિર્ણય લીધો છે. જોકે, સ્કોટલેન્ડ, વેલ્સ અને ઉત્તરીય આયર્લેન્ડે ઓમિક્રોનનો પ્રસાર અટકાવવા માટે પાર્ટી અને નાઈટ ક્લબ્સ પરનો પ્રતિબંધ જાળવી રાખ્યો છે. નિષ્ણાતો સાથેની બેઠક પછી વડાપ્રધાન બોરિસ જોન્સને જણાવ્યું હતું કે, નવા વર્ષ પહેલાં દેશમાં કોઈ વધારાના નિયંત્રણો લાગુ કરવામાં નહીં આવે.

ઓસ્ટ્રેલિયામાં પણ કોરોનાએ ઊથલો માર્યો છે. ઓસ્ટ્રેલિયાના બે રાજ્યો વિક્ટોરિયા અને ક્વીન્સલેન્ડમાં નવા દૈનિક કેસમાં વિક્રમી ઊછાળો આવ્યો છે.

## નિર્મલા સીતારમણ રાજ્યોના નાણાં પ્રધાનો સાથે પ્રી-બજેટ પરામર્શ કરશે

નવીદિલ્હી,

નાણા પ્રધાન નિર્મલા સીતારમણ પરંપરાગત પૂર્વ-બજેટરી પરામર્શના ભાગરૂપે ગુરુવાર, ૩૦ ડિસેમ્બરે તેમના રાજ્યના નાણાપ્રધાનને મળશે. સત્તાવાર સૂત્રોના જણાવ્યા અનુસાર, આ અન્ય પ્રિ-બજેટ પરામર્શથી વિપરીત સ્ટેકહોલ્ડર્સ સાથેની શારીરિક બેઠક હશે, જે અત્યાર સુધી વર્ચ્યુઅલ રીતે યોજવામાં આવી હતી. સામાન્ય રીતે દર વર્ષે જાન્યુઆરીના છેલ્લા સપ્તાહમાં શરૂ થતા સંસદના બજેટ સત્રના પ્રથમ અર્ધવાર્ષિક ગાળા દરમિયાન ૨૦૨૨-૨૩ માટેનું કેન્દ્રીય બજેટ ૧ ફેબ્રુઆરીએ રજૂ થવાની ધારણા છે. અત્યાર સુધી નાણામંત્રીએ નાણાકીય ક્ષેત્ર, ટ્રેડ યુનિયન, ઉદ્યોગો અને કૃષિના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી છે. તે કેન્દ્રીય બજેટ પર ચર્ચા કરવા માટે અગ્રણી અર્થશાસ્ત્રીઓને પણ મળી છે. આ ક્રિયાપ્રતિક્રિયાઓ દરમિયાન, સરકારને આવકવેરા સ્લેબના તર્કસંગતકરણ, ડિજિટલ સેવાઓ માટે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સ્થિતિ અને હાઈડ્રોજન સ્ટોરેજ માટે પ્રોત્સાહનો સહિત અનેક સૂચનો મળ્યા છે. ગયા અઠવાડિયે જારી કરાયેલા નાણા મંત્રાલયના નિવેદન અનુસાર, ૧૫ ડિસેમ્બરથી ૨૨ ડિસેમ્બરની વચ્ચે આવી આઠ બેઠકો યોજાઈ હતી. NDA સરકારનું તેના બીજા કાર્યકાળમાં આ ચોથું બજેટ હશે અને તે કોરોના વાયરસની અસરમાંથી બહાર આવવાનો પ્રયાસ કરી રહેલા અર્થતંત્રની પૃષ્ઠભૂમિમાં આવી રહ્યું છે.

ચાલુ નાણાકીય વર્ષમાં વિકાસ દર બે આંકડામાં રહેવાની ધારણા છે. આરબીઆઈએ તેની તાજેતરની દ્વિ-માસિક નાણાકીય નીતિ સમીક્ષામાં ૨૦૨૧-૨૨માં જીડીપી વૃદ્ધિ ૯.૫ ટકા રહેવાનો અંદાજ મૂક્યો છે. સરકારે ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (જીડીપી)ના ૬.૮ ટકા રાજકોષીય ખાધનો અંદાજ મૂક્યો છે.

### નીતિશ સરકારની મુશ્કેલીઓ વધી

## માંઝીએ સરકારને તોડી પાડવાની ધમકી આપ્યા બાદ ભાજપ બેક ફૂટ પર



પટણા,

બિહારની રાજધાની પટનામાં બિહાર સરકારમાં બીજેપી ક્વોટાના મંત્રી નીરજ સિંહ બબલુના વાહિયાત નિવેદન બાદ પૂર્વ સીએમ જીતનરામ માંઝીએ નીતિશ સરકારને તોડી પાડવાની ધમકી આપી હતી. આ પછી બીજેપીના રાજ્યસભા સાંસદ સુશીલ મોદી ડેમેજ કંટ્રોલમાં લાગી ગયા છે તેમણે કહ્યું છે કે જીતનરામ માંઝી વરિષ્ઠ નેતા છે અન્ય પક્ષો તરફથી તેમના પર કોઈ ટિપ્પણીઓ ન હોવી જોઈએ.

વાસ્તવમાં, ભૂતકાળમાં, જ્યારે માંઝી સોમવારે ભૂતપૂર્વ સીએમ દ્વારા પંડિતો સાથે દુર્વ્યવહાર કરવા અને પછી ડેમેજ કંટ્રોલના રૂપમાં બ્રાહ્મણ ભોજન સમારંભનું આયોજન કરી રહ્યા હતા, ત્યારે મંત્રી નીરજ કુમાર બબલુએ તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. આ સિવાય તેઓ તેમને રાજકારણમાંથી સંન્યાસ લેવાની સલાહ આપી રહ્યા હતા. બીજેપી ક્વોટાના મંત્રી નીરજ સિંહે કહ્યું કે નીતીશ કુમારે જીતન રામ માંઝીને સીએમ બનાવ્યા તે જોઈને લાગે છે કે માંઝી હવે ઉંમરની સાથે તેમના મન પર ખરાબ અસર કરી રહ્યા છે.

આ દરમિયાન માંઝીએ સમજવું જોઈએ કે તેમનો પુત્ર પણ નીતીશ કુમાર સરકારમાં મંત્રી છે અને ખોટા નિવેદનોથી બચવું જોઈએ. માંઝીએ રાજકારણમાંથી નિવૃત્તિ લેવી જોઈએ અને રામ નામનો જાપ કરવો જોઈએ. નીરજના નિવેદન બાદ માંઝીએ નીતિશ સરકારને તોડી પાડવાની ધમકી આપી હતી.

પાર્ટીના પ્રવક્તા દાનિશ રિઝવાને કહ્યું કે જીતન રામ માંઝીને નીરજ બબલુની સલાહની જરૂર નથી. નીરજ બબલુએ ધ્યાનમાં રાખવું જોઈએ કે જો માંઝી સરકારમાંથી તેમના ૪ ધારાસભ્યોનું સમર્થન પાછું ખેંચી લેશે તો નીરજ બબલુ હવે મંત્રી નહીં રહે અને રસ્તા પર આવી જશે. નીરજ બબલુએ ટીકા કરતા પહેલા ૨૦ વાર વિચારવું જોઈએ. જો કે, આ કિસ્સામાં, સુશીલ મોદી, જેઓ હવે ડેમેજ કંટ્રોલમાં હતા, તેઓને સમજાવવાના પ્રયાસમાં વ્યસ્ત હતા, ત્યાંજ. પૂર્વ નાયબ મુખ્યમંત્રી અને પાર્ટીના રાજ્યસભા સાંસદ સુશીલ કુમાર મોદી ભાજપ તરફથી સમગ્ર વિવાદ પર ડેમેજ કંટ્રોલ માટે આગળ આવ્યા.

નોંધપાત્ર રીતે, બીજેપી સાંસદ સુશીલ મોદીએ ટ્વિટ કરીને માંઝીને વરિષ્ઠ નેતા ગણાવ્યા અને યાદ અપાવ્યું કે જ્યારે બીજેપી નેતા ગજેન્દ્ર ઝાએ માંઝીની જીભ કાપી નાખવાની ધમકી આપી હતી, ત્યારે પાર્ટીએ તેમને સસ્પેન્ડ કરી દીધા હતા. આ સાથે દલિત સમાજને ધાકધમકી આપનારા કે અપમાનિત કરનારાઓને બિલકુલ સાંખી લેવામાં આવશે નહીં તેવો સંદેશ પક્ષને આપ્યો હતો. આ સાથે જ મોદીએ કહ્યું કે જીતનરામ માંઝીને ગાળો આપવાનો મામલો ઉઠાવવામાં આવ્યો હતો, જેના પર માંઝીએ પોતે માફી માંગી હતી અને ત્યારબાદ સોમવારે તેમના નિવાસસ્થાને બ્રાહ્મણોને સન્માન અને ભોજન આપવામાં આવ્યું હતું, જેના પછી આખો વિવાદ થંભી ગયો હતો.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો UAE અને કુવૈતનો પ્રવાસ રદ

નવીદિલ્હી,

કોરોના વાયરસના નવા પ્રકાર ઓમિક્રોનના ખતરાને જોતા વડાપ્રધાન મોદીની યુએઈ અને કુવૈતની મુલાકાત હાલ પુરતી મુલતવી રાખવામાં આવી છે.આ પ્રવાસ કોરોનાના વધતા સંક્રમણના લીધે રદ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આગામી મહિનાના પ્રથમ સપ્તાહમાં સંયુક્ત આરબ અમીરાતની મુલાકાત લે તેવી શક્યતા હતી , જે ૨૦૨૨માં તેમની પ્રથમ વિદેશ યાત્રા હશે. આની જાણકારી ધરાવતા લોકોએ કહ્યું કે બંને પક્ષો ૬ જાન્યુઆરીની આસપાસ પ્રવાસનો કાર્યક્રમ નક્કી કરવા વિચારી રહ્યા છે, પરંતુ હજુ સુધી તારીખ નક્કી કરવામાં આવી નથી.પરંતુહવે વધતા કોરોનાના કેસના લીધે આ યાત્રા રદ કરવામાં આવી છે. નોંધનીય છે કે જો વિદેશી પ્રવાસ રદ થયું ન હોત તો આ પ્રવાસના કાર્યક્રમ આ પ્રમાણે હોત,વડા પ્રધાનની વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ ગલ્ફ કન્ટ્રીની પ્રસ્તાવિત મુલાકાત એવા સમયે આવી શકે છે જ્યારે બંને દેશો તેમના રાજદ્વારી સંબંધોના ૫૦ વર્ષ પૂર્ણ કરી રહ્યા છે. મોદી આ દરમિયાન દુબઈ એક્સપોની મુલાકાત પણ લઈ શકે છે. ભારત અને સંયુક્ત આરબ અમીરાત આર્થિક સંબંધોને વધુ મજબૂત કરવા માટે વ્યાપક મુક્ત વેપાર કરાર પર વાટાઘાટો કરી રહ્યા છે અને આ મુલાકાત આ વિષય પર આગળ વધે તેવી શક્યતા છે. ભારત અને સંયુક્ત આરબ અમીરાત તાજેતરમાં ચાર દેશોના નવા જૂથમાં જોડાયા છે જે વેપાર અને રોકાણ સાથે સંબંધિત વિષયો પર ધ્યાન કેન્દ્રિત કરી શકે છે. જૂથના અન્ય બે સભ્યો યુએસ અને ઈઝરાયેલ છે. ૨૦૧૫માં મોદીની યુએઈની મુલાકાત બાદ બંને દેશો વચ્ચેના સંબંધોમાં નોંધપાત્ર પ્રગતિ જોવા મળી હતી અને તેને ભાગીદારીમાં નવા યુગની શરૂઆત તરીકે જોવામાં આવે છે.

## મોરબીમાં અનુભવાયા ૩.૨ ની તીવ્રતાના ભૂકંપના આંચકા

મોરબી,

મોરબીમાં ગત રાત્રીના ૩.૨ની તીવ્રતાનો ભુકંપનો આંચકો આવ્યો છે. અનેક વિસ્તારોમાં આ ભૂકંપ અનુભવાયો હતો. મોરબીથી ૩૫ કિમિ વેસ્ટ સાઉથ વેસ્ટ તરફ આ ભુકંપનું કેન્દ્ર બિંદુ નોંધાયું છે. રાત્રે ૧૧:૩૪ કલાકે આવેલા આ ભૂકંપની તીવ્રતા ૩.૨ની નોંધાઈ હોવાનું સત્તાવાર રીતે જાહેર થયું છે.

જણાવીએ કે, ધરતીમાં ધ્રુજારીનો અનુભવ થતા લોકો ઘરની બહાર નીકળી પડ્યા હતા. મોરબીમાં મોડી રાત્રે આવેલ ભૂકંપનું કેન્દ્ર બિંદુ મોરબીથી ૯૮ કિમી દૂર આમરણ નજીક બાલંભા પાસે નોંધાયું હતું.

આ બાબતે જાણકારોનું માનવું છે કે જમીનની અંદર આવેલી પ્લેટોમાં હલનચલન થવાના કારણે ભૂકંપ આવે છે અને જમીનમાં ધ્રુજારી ઉત્પન થવાના કારણે આંચકાઓ અનુભવાય છે. જમીનની અંદર આવેલી પ્લેટો છેલ્લા કેટલાક સમયથી વધારે સક્રિય થઈ હોવાના કારણે આ પ્રકારની ઘટનાઓ બને છે.ઉલ્લેખનીય છે કે, બુધવારે નેશનલ સેન્ટર ફોર સિસ્મોલોજીના જણાવ્યા અનુસાર આજે એટલે કે, બુધવારે સવારે સાડા પાંચ વાગ્યે પોર્ટ બ્લેર, આંદામાન અને નિકોબાર ટાપુઓમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૪.૩ માપવામાં આવી હતી. અત્યાર સુધી કોઈ જાનહાની કે જાનહાનિના અહેવાલ નથી.





કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

**એમ.એ. દિવાન**

મુ. પ્રતાપપુરા, તા. હાલોલ



કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઇઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.



**સી.જી. ચાવડા**

મુ. તરખંડા, તા. હાલોલ

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મહીસાગર જિલ્લામાં સુશાસન સપ્તાહની ઉજવણી

લુણાવાડા, આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત મહીસાગર જિલ્લામાં સુશાસન સપ્તાહની ઉજવણીના ઉપલક્ષમાં રાજય સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગના સંયુકત ઉપક્રમે ગુજરાત રાજ્ય બિન અનામત આયોગના ઉપાદયક્ષ રશ્મિભાઈ પંડયાના અધ્યક્ષસ્થાને સુશાસન દિવસની ઉજવણી કાર્યક્રમ લુણાવાડા બાવન પાટીદાર સમાજ ઘર ખાતે યોજાયો.

મહાનુભાવોના હસ્તે મંગલદીપ પ્રાગટ્ય કરી શુભારંભ થયેલ સમારોહને સંબોધતા ઉપાદયક્ષએ પૂર્વ પ્રધાનમંત્રી અટલજીની કાવ્ય પંકિતઓ “ ચલો જલાયે દીપ વહાં, જહાં અભી ભી અંધેરા હૈ ”ને ટાંકતા સરકારી યોજનાઓના લાભ છેવાડાના માનવી સુધી પહોંચાડી સુશાસન સપ્તાહની ઉજવણી ખરા અર્થમાં સાર્થક કરી પ્રજાજનોને સરકાર સુશાસનનો અનુભવ કરાવી રહી છે. ત્યારે આજે મહીસાગર જિલ્લામાં સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓના જરૂરીયાત મંદ લાભાર્થીઓ સુધી લાભ પહોચાડી તેમની આર્થીક ઉન્નતિના દ્વાર ખોલી વિકાસ પથની મુખ્ય ધારામાં જોડી રહી છે. આ અવસરે સામાજીક ન્યાય



અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગદ્વારા જિલ્લામાં હાથ ધરવામાં આવેલ લોક કલ્યાણની કામગીરીને બિરદાવી હતી અને અભિનંદન પાઠવ્યા હતા.

જિલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરે સૌનો સાથ સૌનો વિકાસ સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસો થકી પ્રજાજનોએ જાગૃત થઇ સરકારની વિવિધયોજનાઓનો લાભ મેળવી આત્મનિર્ભર ગુજરાત થી આત્મનિર્ભર ભારતના સંકલ્પને સાર્થક કરવા સહભાગી થવા અપિલ કરી હતી.

પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડે જણાવ્યું હતું કે, સ્વ.વડાપ્રધાન અટલજીના જન્મદિવસ તા. ૨૫ ડિસેમ્બરથી ૩૧ ડિસેમ્બર સુધી સમગ્ર રાજયમાં સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે સુશાસન થકી સુરાજ્યની સંકલ્પનાને સાકાર કરવા સૌએ સંકલ્પબધ્ધ થઇ સમાજના અંતિમ વ્યકિત સુધી કેન્દ્ર અને રાજ્ય સરકારની જન કલ્યાણકારી યોજનાકીય સુવિધાઓ પહોંચાડવા અનુરોધ કર્યો હતો.

લુણાવાડા ધારાસભ્ય જીગ્નેશભાઇ સેવકે જણાવ્યું હતું કે,આજે વિવિધ યોજનાઓ અંતર્ગત ડિજીટલ ઈ પેમેન્ટ દ્વારા લોન સહાયનું વિતરણ થઇ રહ્યું છે. તેવી રીતે સરકારની આયોજનબધ્ધ કામગીરી અને ટેકનોલોજીના ઉપયોગ થકી ઝડ્પથી લોકો સુધી વિવિધ સેવાઓ અને યોજનાઓ પહોંચે અને તેના ઉપયોગ થકી છેવાડાના માનવીઓ વધુમાં વધુ લાભ લઈ શકે તે માટે સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.

આ કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે અનુસુચિત જાતિ કલ્યાણ હસ્તકની યોજનાઓ ડો. આંબેડકર આવાસ, કુંવરબાઇનું મામેરૂં, વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમ અંતર્ગત માઇક્રો ફાઇનાન્સ, આદિજાતિ વિકાસ હસ્તકની કુંવરબાઇનું મામેરૂ, આવાસ યોજનાઓ, સંકલીત ડેરી વિકાસ યોજનાઓના લાભાર્થીઓને મંજુરી પત્રો તેમજ સમાજસુરક્ષા હસ્તકની યોજનાઓમાં દિવ્યાંગજનોને સાધન સહાય, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના ૧૦ નિગમોની વિવિધ યોજના અંતર્ગત ડિજીટલ ઈ-પેમેન્ટ દ્વારા લોન સહાયનાકુલ ૩૦૨ લાભાર્થીઓને વિતરણકરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે સ્વાગત પ્રવચન પ્રાયોજના વહીવટદાર કે.પી. પાટીદારે તેમજ આભાર દર્શન જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી બી.એન.પટેલ દ્વારા કરાયું હતું. તેમજ સુશાસન દિવસની ફિલ્મનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેકટર ડો.મનીષકુમાર બંસલ, જિલ્લા વિકાસ અધિકારી કે.ડી.લાખાણી, કારોબારી અદયક્ષ ભવાનભાઇ, સહિત પદાધિકારીઓ, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ અને આદિજાતિ વિકાસ વિભાગ અધિકારીઓ, કર્મચારીઓ, લાભાર્થીઓ ભાઇ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.

## લુણાવાડા નગરપાલીકા વિસ્તારના કેટલાંક વિસ્તારોને કન્ટેઇનમેન્ટ એરિયા તરીકે જાહેર કરાયા

લુણાવાડા, વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા કોરોના વાયરસ (કોવિડ-૧૯)ને વૈશ્વિક મહામારી જાહેર કરવામાં આવેલ છે. આ મહામારીને ફેલાવો અટકે તે માટે ભારત-રાજય સરકાર દ્વારા વિવિધ માર્ગદર્શિકા જાહેર કરવામાં આવી છે.

રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગે એક જાહેરનામાથી ધી ગુજરાત એપેડેમીક ડીસીઝ કોવિડ-૧૯ રેગ્યુલેશન, ૨૦૨૦ જાહેર કરેલ છે.

મહીસાગર જિલ્લામાં કોરોના વાયરસ(કોવિડ-૧૯) પોઝીટીવ કેસ પ્રકાશમાં આવતા આ વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લઇ લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે ભારત સરકારની ગાઇડલાઇન મુજબ લુણાવાડા નગરપાલીકા વિસ્તારમાં કોરોના ટેસ્ટ પોઝીટીવ મળી આવતાં વાયરસના ઝડપી સંક્રમણને ધ્યાને લેતાં લોકોની સુરક્ષા બાબતે તકેદારીના પગલાંરૂપે લોકોની અવર-જવર પર પ્રતિબંધ મૂકવા જરૂરી હોઇ મહીસાગર-લુણાવાડાના કલેકટર અને જિલ્લા મેજિસ્ટ્રેટ ડો. મનીષ કુમારે નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૨૬(૨) મુજબ અને ધી એપેડેમિક ડિસિઝ એકટ-૧૮૯૭ની કલમ-૨ થી મળેલ સત્તાની રૂઇએ નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ-૩૦ તથા કલમ-૩૪ હેઠળ લુણાવાડા નગરપાલીકામાં આવેલ હાટાના કુવા વિસ્તારમાં આવેલ રાજપુત રાજુભાઇના ઘરથી શાહ પ્રદિપભાઇના ઘર સુધીનો વિસ્તારના ૦૮ ઘર, સંગમ ફુટવેર થી જે.બી. ટેલર સુધીનો તમામ વિસ્તારના ૨૪ દુકાન, હુસેનીચોક (વોર્ડ નં-૨) કતબજી નરગીસબેન અજગરાલીના ઘરથી સાબુવાલા અજગર જૈનુદ્દીનના ઘર સુધીનો વિસ્તારના ૨૨ ઘરના વિસ્તારને કન્ટેઇનમેન્ટ ઝોન (પ્રતિબંધિત વિસ્તાર) તરીકે જાહેર કરી આ વિસ્તારોમાં તમામ પ્રકારની અવર-જવર પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.

આ જાહેર કરવામાં પ્રતિબંધિત વિસ્તારોમાં ભારત-રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ વિવિધ ગાઇડલાઇનનું દરેકે ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

ઉકત જાહેર કરવામાં આવેલ કન્ટેઇનમેન્ટ એરિયા ઉપરાંત લુણાવાડા નગરપાલીકામાં આવેલ હાટાનાકુવા પીપલ્સ બેન્કની પાછળ (વોર્ડ નં.૫) માં સાઇબાબાના મંદિરથી ભોમાનંદ મંદિર સુધીનો સમગ્ર વિસ્તાર, તેમજ વોર્ડ નં.૨ માં જમીલ અબ્દુલ સલીમ રશિદની દુકાનથી રામપુરવાલા જાદીદ હાતીમના ઘર સુધીનો વિસ્તારને બફર ઝોન તરીકે જાહેર કરવામાં આવેલ છે.

આ વિસ્તારો સહિત દરેક વિસ્તારોમાં ફરજિયાત માસ્ક પહેરવું, સોશિયલ ડીસ્ટન્ટસ જાળવવાની સાથે ભારત-રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવતા વખતોવખતના જાહેરનામાઓ, હુકમો અને માર્ગદર્શિકાઓનું પણ ચુસ્ત પાલન કરવાનું રહેશે. આ હુકમનો અમલ તાત્કાલિક અસરથી અન્ય કોઇ હુકમ ન થાય ત્યાં સુધી કરવાનો રહેશે.

આ હુકમ સરકારી ફરજ-કામગીરી ઉપરના હોમગાર્ડ કે અન્ય સરકારી અથવા અર્ધ સરકારી એજન્સી, સરકારી/ખાનગી દવાખાનાના સ્ટાફ તથા ઇમરજન્સી સેવા, કાયદો અને વ્યવસ્થા સાથે સંકળાયેલ જાહેર સેવક કે જેઓ કાયદેસરની ફરજ પર હોય તેઓને તેમજ આવશ્યક ચીજવસ્તુઓનું પરિવહન કરતા વાહનો તથા સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ અધિકૃત પાસ ધરાવતા વ્યકિતઓ અને વાહનોને લાગુ પડશે નહીં.

આ હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ-૨૦૦૫ની કલમ-૫૧ થી ૬૦ મુજબ શિક્ષાને પાત્ર થશે. આ માટે મહીસાગર જિલ્લામાં ફરજ પરના હાજર એકઝીકયુટીવ મેજિસ્ટ્રેટ તેમજ પોલીસ વિભાગના હેડ કોન્સ્ટેબલ કે તેથી ઉપરનો હોદ્દો ધરાવતા તમામ પોલીસ અધિકારીઓને તથા આરોગ્ય વિભાગના અધિકારીઓને આ જાહેરનામો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર ઇસમો વિરૂધ્ધ લેખિત ફરિયાદ નોંધાવવા માટે અધિકૃત કરવામાં આવ્યા છે.

## સુશાસન સપ્તાહ ઉજવણી અંતર્ગત ગોધરા ખાતે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, આદિજાતિ વિકાસ વિભાગનો કાર્યક્રમ યોજાયો

ગોધરા, રાજ્ય સરકાર દ્વારા ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન સ્વ. અટલબિહારી વાજપેયીજીની જન્મજયંતિ નિમિત્તે સુશાસન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત ગોધરાનાં સરદાર નગરખંડ ખાતે આજે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનાં કાર્યક્રમમાં ૩૮૫ લાભાર્થીઓને વિદેશ અભ્યાસ લોનસહાય, આંતરજ્ઞાતીય લગ્ન સહાય, કુંવરબાઈનું મામેરૂ, પંડિત દિનદયાલ ઉપાધ્યાય આવાસ યોજના, દિવ્યાંગ લગ્ન સહાય, ડેરી વિકાસ યોજના, માનવ ગરીમા યોજના, પાલક માતા-પિતા યોજના, દિવ્યાંગ બસ પાસ યોજના વગેરે વિવિધ યોજનાઓ અંતર્ગત રૂ. ૮૬૧.૫૩ લાખનાં લાભોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



કાર્યક્રમના અદયક્ષ સ્થાનેથી ગુજરાત રાજ્ય બિન અનામત વર્ગ નિગમનાં ઉપાધ્યક્ષ વિમલ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, રાજકારણમાં શાલીનતા, બુદ્ધિમત્તા અને સંવેદનશીલતાના શિખર એવા પૂર્વ વડાપ્રધાન અને ભારત રત્ન સ્વ. અટલ બિહારી વાજપેયીજીની જન્મજયંતિ નિમિત્તે સમગ્ર ગુજરાતમાં સુશાસન સપ્તાહ ઉજવવામાં આવી રહ્યું છે, જેનો હેતુ સરકારની કલ્યાણકારી યોજના અંતર્ગત સમાજના દરેક વર્ગને મહત્તમ લાભ પહોંચાડવાનો, સર્વાંગી વિકાસના પ્રવાહમાં દરેક વર્ગની સમાન ભાગીદારી સુનિશ્ચિત કરવાનો છે. દરેક ઘરમાં અન્ન અને દરેક હાથને કામનું અટલજીનાં સપનામાં હર સર કો ઘરનો ઉમેરો કરી તે ઉપલબ્ધ કરાવવાની દિશામાં આ સરકાર કામ કરી રહી છે. સરકારની વિવિધ યોજનાઓ વિશે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે આપણી સરકારે જન્મથી શરૂ કરી અવસાન સુધીનાં જીવનનાં દરેક તબક્કે જરૂરિયાતમંદ વર્ગોને મદદ કરવા માટે, જીવન વધુ સરળ બનાવવા માટે ૪૭ જેટલી યોજનાઓ અમલમાં મૂકી છે. રાજ્ય સરકારે સંવેદનશીલ નેતૃત્વ દ્વારા સમાજનો કોઈ પણ વ્યક્તિ પછાત ન રહે, નબળો ન રહે, તે રીતે વિકાસને પ્રાધન્ય આપ્યું છે અને છેવાડાના માનવીનાં કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપી છે. સમાજના છેવાડે રહેલાં વ્યકિતને સરકારી યોજનાઓ કાગળ પર નહીં પરંતુ વાસ્તવમાં, તેમના ઘરે જઈને આપ્યો છે, તે સાચું સુશાસન છે અને તે સરકારે ચરિતાર્થ કરી બતાવ્યું છે. સરકારી યોજના સહાય મેળવવા માટે આપવા પડતાં દસ્તાવેજોની સંખ્યામાં પણ મોટો ઘટાડો કરી લોકોની અગવડોમાં ઘટાડો થાય, પ્રક્રિયા સરળ બને તે માટેનો પ્રયાસ રાજ્ય સરકારે કર્યો છે. તેમણે સંવેદનશીલ બની અન્યોને પણ મદદરૂપ થવા અપીલ કરતા કહ્યું કે, સમાજમાં સામાજિક-આર્થિક જે ભેદ છે તેને આપણે દૂર કરવો છે. સર્વોત્કૃષ્ટ સમાજ નિર્માણ થાય તે દિશામાં આગળ વધવું છે અને તે દ્વારા સમાજમાં સામાજિક સમરસતાનું નિર્માણ કરવું છે. જિલ્લા પંચાયત પ્રમુખ કુ.કામિનીબેન સોલંકીએ પોતાના સંબોધનમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ હેઠળની વિવિધ યોજના અંતર્ગત જિલ્લામાં આપવામાં આવતા લાભોની એક રૂપરેખા આપતા જણાવ્યું હતું કે, સમાજનાં દરેક વર્ગને વિકાસની આ યાત્રામાં સમાન પ્રાધાન્ય મળે તે સુનિશ્ચિત કરવા સરકાર કટિબદ્ધ છે. આદિવાસી સંસ્કૃતિ અને આગવી ઓળખને કાયમ રાખીને આદિવાસી સમાજ વિકાસ સાધે તે માટે સરકારની પહેલો વિશે તેમણે જણાવ્યું હતું.

આ અગાઉ કાર્યક્રમને સંબોધતા જિલ્લા ભાજપ પ્રમુખ અશ્વિનભાઈ પટેલે પૂર્વ વડાપ્રધાન અટલબિહારી વાજપેયીજીના પ્રદાનને અને તેમનાં સર્જનને યાદ કરતા જણાવ્યું હતું કે, સુશાસન સપ્તાહનાં કાર્યક્રમો મારફતે વંચિતો, શોષિતો અને પીડિતોને લાભોનું વિતરણ જ અટલજીને સાચી શ્રદ્ધાંજલિ હોઈ શકે. ઉચ્ચ પદો સત્તા માટે નહીં પણ સેવા માટે હોય છેની ભાવના સાથે આ સરકાર કાર્યરત છે તેમ તેમણે ઉમેર્યું હતું.

કાર્યક્રમમાં શાબ્દિક સ્વાગત પ્રાયોજના વહીવટદાર એસ.પી. ભગોરા અને આભાર વિધી સમાજ કલ્યાણ અધિકાર જે.એચ. લખારાએ કરી હતી. આ પ્રસંગે ઈન્ચાર્જ કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી અર્જુનસિંહ બી. રાઠોડ, નિવાસી અધિક કલેક્ટર એમ.ડી. ચુડાસમા, નાયબ નિયામક વિકસતી જાતિ નિકુંજ ગામીતી, નાયબ નિયામક અનુસૂચિત જાતિ સહિતનાં વરિષ્ઠ અધિકારીઓ-પદાધિકારીઓ, લાભાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## સરપંચોને પગાર મળતો નથી એટલે ભ્રષ્ટાચાર થાય છે : ભાજપના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ



વડોદરા, વડોદરાના વાઘોડિયાના ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે માગણી કરી છે કે, રાજ્ય સરકાર દ્વારા સરપંચોને પણ વેતન આપવામાં આવે. આ બાબતે તેમણે મુખ્યમંત્રીને પત્ર લખીને પણ રજૂઆત કરી છે. આ ઉપરાંત ધારાસભ્યએ સીધો આક્ષેપ કર્યો છે કે, સરપંચોને પગાર નથી મળતો એટલા માટે કેટલાક કોન્ટ્રકટરો ચા-પાણી, નાસ્તાના પૈસા આપીને પોતાના કામો કરાવી જાય છે. એટલે જો સરપંચ, તાલુકા અને જિલ્લા પંચાયતના સભ્યોને પગાર આપવામાં આવશે તો આ ભ્રષ્ટાચાર પણ બંધ થશે.

ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, અમે પત્ર મુખ્યમંત્રીને આપવાના છીએ. તેનું કારણ એ છે કે, અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે ૫૦% બહેનોને રાજકરણમાં આવવાનું એક પગથિયું ચાલુ કરાવ્યું છે. જિલ્લા અને તાલુકામાં ૫૦ બહેનોને જે મહત્ત્વ આપવામાં આવ્યું તે સમયના મુખ્યમંત્રીને પણ હું અભિનંદન પાઠવું છું. સાથે-સાથે એ છે કે, જો ભ્રષ્ટાચાર રોકવો હોય તો સરપંચોને વેતન મળે કોઈ સરપંચ આદિવાસી સમાજનો હોય તો તેની પાસે સાયકલના પૈસા પણ નહોય અને વિકાસ કાર્યો કરવા માટે તાલુકામાં દોડવું પડે, ગામના કોઈ વડીલ તેમના ઘરે આવે ત્યારે ચા-પાણીની વ્યવસ્થા કરે એટલા આ માગ કરી છે. સરપંચને અત્યારસુધીમાં કોઈ પગાર મળ્યો નથી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, અમારા ધ્યાનમાં એ આવ્યું કે સરપંચો બિચારા ખરેખર ગામની સેવા કરે, ગામની સફાઈનું આયોજન કરે, આરોગ્યની વ્યવસ્થા કરવાનો પણ પ્રયાસ કરતા હોય. એટલે મારા દિમાગમાં આવ્યું કે સરપંચોને વેતન મળવું જોઈએ. અમે આજે આ બાબતે પત્ર મુખ્યમંત્રીને આપવાના છીએ. આ પત્ર આપવાનું કારણ એ છે કે, કોન્ટ્રાક્ટરો સરપંચોને પૈસા આપીને કામ કરાવી લેતા હોય છે. આવા ખોટા કામો કરાવીને જે કરપ્શન કરવામાં આવે તેવા કોન્ટ્રકટરોને પણ સજા મળવી જોઈએ. એટલા માટે સરપંચોને વેતન મળવું જોઈએ. આ ઉપરાંત જિલ્લામાં ચૂંટાયેલા વાલ્મિકી અને આદિવાસી સમાજના લોકોને વેતન મળવું જોઈએ. એટલે જો કરપ્શન નીચેથી બંધ થાય તો ઉપરથી પણ બંધ થઈ જશે.

મહત્ત્વની વાત છે કે, ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવ પોતાની માગણીને લઈને પક્ષની સામે પણ બળવો પોકારી ચુક્યા છે ત્યારે હવે જોવાનું એ રહે છે કે, સરપંચોને પગાર આપવાની માગણી સરકાર દ્વારા સ્વીકારવામાં આવે છે કે નહીં.

## પંચમહાલ સાંસદના મત વિસ્તારના કપડવંજ, કઠલાલ, વિરપુર અને લુણાવાડાના ગામોને સુજલામ-સુફલામ યોજના અંતર્ગત આવરી લેવા સાંસદ દ્વારા જળ સંપતિ અને પાણી પુરવઠા મંત્રીને રજુઆત



લુણાવાડા, પંચમહાલ સાંસદ દ્વારા સંસદીય વિસ્તારના કપડવંજ, કઠલાલ, બાલાસીનોર, વિરપુર તેમજ લુણાવાડા તાલુકાના ૧૫૦ ગામોને સુજલામ-સુફલામ યોજના તથા અન્ય યોજનાઓના સ્ત્રોતથી સિંચાઈની સુવિધા આપવા તથા તળાવોનું જોડાણ કરીને પાણી ભરવા માટે બજેટમાં નાણાંની જોગવાઈ કરવા માટે મંત્રી જળ સંપતિ અને પાણી પુરવઠાને લેખિત રજુઆત કરી.

પંચમહાલ સાંસદ બેઠક વિસ્તારમાં આવતાં કપડવંજ તથા કઠલાલ તાલુકાના પૂર્વ વિસ્તારમાં વરસાદી પાણી સિવાય અન્ય કોઈ પાણીના સ્ત્રોત નથી. તેમાં પણ ઓછા વરસાદના કારણે તળાવો ખાલી રહે છે. જેને લઈ ભુર્ગભ જળના સ્તર ખૂબ નીચા જવાના કારણે કુવા અને બોર સુકાઈ જાય છે. પીવાના પાણી અને સિંચાઈના પાણીના કાયમી સમસ્યા છે. આવા ગામોના લોકોના મુખ્ય વ્યવસાય ખેતી અને પશુપાલન છે. પાણીની અછતના કારણે દયનિય સ્થિતીમાં જીવન ગુજારે છે. સરકારના કાર્યક્રમો અને માત્ર પ્રવાસ દરમ્યાન કપડવંજ, કઠલાલ, બાલાસીનોર, વિરપુર અને લુણાવાડાના પાણીના અછતના કારણે ખેડુતોની મુશ્કેલી ધ્યાનમાં આવેલ છે. ત્યારે આ વિસ્તારના તળાવોને જમીન સંપાદન કરવા પડે તેવા આશય થી પાઈપ લાઈન જોડાણ કરવા રજુઆત કરી છે. સરકાર દ્વારા ૮૦ લાખના ખર્ચ ઉપરોકત વિસ્તારોની સર્વેની કામગીરી દ્વારા ધરી છે. ત્યારે પંચમહાલ સાંસદ રતનસિંહ રાઠોડના સંસદીય વિસ્તારની પાણીની સમસ્યાનો કાયમી હલ કરવા બજેટમાં નાણાંની જોગવાઈ કરવામાં આવી છે.

## ઘોઘંબાના શનીચાડા થી વાંગરવા તરફ જતાં રસ્તાના વળાંકમાં અજાણ્યા વાહનની અડફેટમાં ૨૨ વર્ષીય યુવકનું મોત

ઘોઘંબા, ઘોઘંબા તાલુકાના શનીચાડા ગામથી વાંગરવા તરફ જતાં રોડના વળાંકમાં અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી ૨૨ વર્ષીય યુવકને અડફેટમાં લઈ મોત નિપજાવ્યું.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ઘોઘંબા તાલુકાના શનીચાડા ગામથી વાંગરવા તરફ જતાં રોડ ઉપર વળાંકમાં અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવ્યો હતો અને ૨૨ વર્ષીય મુકેશ રામસીંગભાઈ બારીયા રહે. ગોલાવ નવલસિંહની મુવાડીને અડફેટમાં ગંભીર ઈજાઓ પહોંચાડતા ઘટના સ્થળે મોત નિપજાવા પામ્યું. આ બાબતે દામાવાવ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## શહેરા પાનમ ટોલનાકા પાસે બાઈક ડીવાઈડર સાથે અથડાતા ૫૮ વર્ષીય આધેડનું મોત

શહેરા, શહેરા તાલુકાના પાનમ ટોલનાકા પાસે બાઈક ઉપર પસાર થતા વ્યકિતએ પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી રોડ સાઈડની ડીવાઈડર સાથે અથડાવી ગંભીર ઈજાઓ થઈ હતી. સારવાર અર્થે ખસેડતા મૃત જાહેર કરવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના પાનમ ટોલનાકા પાસે બાઈક નં.જીજે.૩૫.જે.૬૯૦૮ના ચાલક સ્વરૂપસિંહ પ્રતાપસિંહ બારીયા ઉ.વ.૫૮ પુરઝડપે હંકારી ને જઈ રહયા હતા. દરમિયાન રોડ સાઈડના ડીવાઈડર સાથે બાઈક અથડાવી દેતા શરીરે ગંભીર ઈજાઓ થવા પામી હતી. જેથી સારવાર અર્થે ખસેડવામાં આવતાં શહેરા સી.એચ.સી.હોસ્પિટલ દ્વારા મરણ ગયેલ જાહેર કરવામાં આવ્યા.

**લાયન્સ કલબ ઓફ દાહોદ સીટી દ્વારા શિયાળાની કડકડતી ઠંડીમાં જરૂરિયાત મંદ બાળકોને ઠંડી સામે રક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી માનવતાનું કાર્ય ૨૮/૧૨/૨૦૨૧ કાકરી ડુંગરી ફળિયા વર્ગ**



**પ્રાથમિક શાળા ખરોડ ધોરણ ૧ અને ૨ ના કુલ ૭૦ વિદ્યાર્થીઓને નવા સ્વેટર વિતરણ ભગીરથ કાર્ય રિજિયન ચેરમેન લા.કમલેશ લીમ્બાચીયા તથા દાતાઓ અલ્કેશભાઈ શેઠ અને ધર્મેશભાઈ લાલપુરીયાના હસ્તે વિતરણ કરવામાં આવ્યું. પ્રસંગે ઉમંગ દરજી શાળાના મુખ્ય શિક્ષક મહેશભાઈ પંચાલ તથા સ્ટાફ મિત્રો અને વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા.**

## આપની આજ.......

મેષ (અ.લ.ઈ.) : નોકરીયાત વર્ગને શાંતિ જણાશે, કામકાજમાં સામાન્ય ઉચાટ જણાશે, વિવાદીત કાર્યોથી દુર રહેવુ, તબીયત બાબતે કાળજી રાખવી.

વૃષભ (બ.વ.ઉ.) : સંતાનોના પ્રશ્નોમાં સમાધાન મળશે, દામ્પત્ય જીવનમાં સામાન્ય અશાંતિ જણાશે, કામકાજમાં ઓછો સહયોગ મળશે, ધંધા વેપારમાં સાચવીને કામ કરવુ.

મિથુન (ક.છ.ઘ.) : કામના ભારને હળવો કરી શકશો, સહકર્મચારીના સબંધોમાં સુધારો જણાશે, સહકર્મચારીઓનો સહયોગ મળશે, પારિવારિક પ્રશ્નોમાં હળવાશ અનુભવશો.

કર્ક (ડ.હ.) : યાત્રા પ્રવાસમાં સાવધાની રાખવી,નવી વસ્તુ ખરીદવાથી લાભ જણાશે, આર્થિક સ્થિતિમાં સુધારો જોવા મળશે, પદ અને પરિવારને સરખુ મહત્વ આપો.

સિંહ (મ.ટ.) : આવકના નવા સાધનો મળશે, સમસ્યાઓમાં સમાધાન મળશે, વિરોધીઓથી પરેશાની વધશે, કોઈ કામમાં ઉતાવળ કરવી નહિ.

કન્યા (પ.ઠ.ણ.) : ધર્મકાર્ય માટે બહાર જવુ પડે, સ્નેહીજનોની મુલાકાતથી લાભ થશે, આજે ઉત્તમ આનંદ મેળવી શકશો, ધનપ્રાપ્તિ માટે અધિક મહેનત કરવી પડશે.

તુલા (ર.ત.) : કામકાજમાં અનુકુળતા જણાશે, તબીયત બાબતે કાળજી રાખવી, કામ વધારે છતાય આનંદ જણાશે, મનોકામનાની પૂર્તિ માટે સારો સમય છે.

વૃશ્ચિક (ન.ય.) : રોકાયેલા કાર્યો પુરા થશે, આર્થિક સ્થિતિમા સુધારો જોવા મળશે, જમીન વાહન લે-વેચ થી લાભ જણાશે, ધંધામાં મહેનત વધારે કરવી પડશે.

ધન (ભ.ધ.ફ.ઢ.) : રોકાણના નિર્ણયમાં ઉતાવળ કરવી નહિ, વાણી વ્યવહારમાં નમ્રતા રાખવી, સગાસંબંધીઓમાં તનાવ જણાશે, પારિવારિક સબંધોમાં સાચવીને કામ કરવુ.

મકર (ખ.જ.) : વડીલવર્ગની તબીયત વિશે ચિંતા રહેશે, થોડી બેચેની અને કામની ચિંતા રહેશે, અગત્યના નિર્ણયો સાચવીને કરવા, કામકાજમાં સંભાળીને કરવુ.

કુંભ (ગ.શ.ષ.સ.) : કામમાં નવા અવસરો મળશે,સંપત્તિ સબંધી વિવાદોમાં સફળતા મળશે, ભાગ્યોદય માટે ઉત્તમ તકો મળશે, દાંપત્યસુખમાં વૃદ્ધિ થશે.

મીન (દ.ચ.ઝ.થ.) : મહત્વના કાર્યોમાં સફળતા સહયોગ મળશે, વ્યક્તિગત કામમાં ધ્યાન આપી શકશો, સ્વાસ્થ્ય બાબતે સાવધાની રાખવી, જીવનસાથી સાથે મતભેદ જણાશે.

## સરપંચોના વેતનની તરફેણ પંચમહાલના પૂર્વ સાંસદ એ સમર્થન કર્યું

ગોધરા, પંચમહાલ જીલ્લાના પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ દ્વારા સરપંચોને વેતન આપવામાં આવે તેવી માંગને સમર્થન આપ્યું. વડોદરાના કેતન ઈમાનદાર અને મધુ શ્રીવાસ્તવ દ્વારા સરપંચોને વેતન આપવામાં આવે તેવી માંગ કરી છે. તેને પંચમહાલ પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે. દરેક સરપંચ આર્થિક સધ્ધર હોતા નથી સરપંચ અને વખત ગામના કામોને લઈ તાલુકા અને જીલ્લાની કચેરી એ જતા હોય છે. કેટલાક સરપંચ પાસે જવા આવવાનું ભાડાના રૂપીયા પણ નથી હોતા વર્ષ ૨૦૨૧માં નરેન્દ્ર મોદી ગુજરાતના મુખ્ય પ્રધાન બન્યા બાદ તેમણે સરપંચોને ૧૫૦૦ રૂપીયા માસીક વેતન કરવાની વાત કરી બાદમાં તેનું અમલીકરણ કરવામાં આવ્યું નથી. તેનો લાભ સરપંચોને મળ્યા નથી. સરકારી સરપંચોને વેતન આપવામાં આવે તેવી ભલામણ કરી છે.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


# દાહોદ જિલ્લામાં સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે લીમખેડા મોડલ સ્કુલ ખાતે કાર્યક્રમ યોજાયો

દાહોદ,

દાહોદ જિલ્લામાં સુશાસન સપ્તાહની ઉજવણીના ભાગરૂપે રાજ્ય કક્ષાના મંત્રી નિમિષાબેન સુથારે સીંગવડના છાપરવડ ખાતે નવીન એકલવ્ય મોડેલ નિવાસી શાળા તેમજ લીમખેડા ખાતે કન્યા છાત્રાલયનું એમ કુલ ૨૭ કરોડથી વધુના શૈક્ષણિક વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું. તેમજ લીમખેડાના મોડલ સ્કુલ ખાતે યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ સરકારી સહાય યોજનાઓનું વિતરણ પણ કર્યું હતું.

રાજ્યકક્ષાના મંત્રી સુથારે જણાવ્યું કે, વનબંધુ કલ્યાણ યોજનાના બીજા તબક્કાના યોગ્ય અમલીકરણ દ્વારા આદિવાસી ભાઈઓ-બહેનોનો સમગ્ર વિકાસ થાય એ માટે રાજ્ય સરકારે સુપેરે આયોજન કર્યું છે. પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીએ પોતાના મુખ્યમંત્રી સમયના કાર્યકાળ દરમિયાન આદિવાસી જિલ્લાઓના સર્વાંગી વિકાસને લક્ષમાં રાખીને આ યોજના શરૂ કરી હતી. જેના વિકાસના ફળ ઉમરગામથી અંબાજી સુધીના આદિવાસી જિલ્લાઓમાં જોઈ શકાય છે.

તેમણે ઉમેર્યું કે, દાહોદ જિલ્લામાં જ વનબંધુ કલ્યાણ યોજના થકી ૧૦ મુદ્દા કાર્યક્રમ અંતર્ગત ગત વર્ષે રૂ. ૮૦૩૧.૦૩ લાખના ખર્ચે ૧૧૦૮ વિકાસ કાર્યો કરવામાં આવ્યા છે. જિલ્લામાં વિવિધ શૈક્ષણિક વિકાસ



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

કાર્યો માટે રૂ. ૭૭૮.૭૭ લાખના ખર્ચે ૪૭ માળકાકીય સુવિધાઓ સહિતના વિકાસ કાર્યો કરાયા છે. આદિવાસી કુટુંબોના આરોગ્ય સુવિધાઓ માટે રૂ. ૧૩૧૩.૫૯ લાખના ખર્ચે ૫૫ માળકાકીય સુવિધાઓ સહિતના વિકાસકાર્યો કરાયા છે. આ ઉપરાંત પીવાના અને સિંચાઈના પાણીની વિવિધ યોજનાઓ જિલ્લામાં જનજન સુધી પહોંચતી થઈ છે.

તેમણે જણાવ્યું કે, આયુષ્યમાન ભારત- મા કાર્ડ અંતર્ગત મળતી આરોગ્ય સુવિધાઓનો લાભ દરેક માનવી સુધી પહોંચે એ માટે તેમાં આવક મર્યાદા દૂર કરવાની બાબત પણ સરકાર દ્વારા વિચારણા હેઠળ છે. જેથી દરેક આદિવાસી પરિવાર તેનો લાભ લઈ શકે. તેમજ પ્રધાનમંત્રી ઉજ્વલા યોજનાના લાભાર્થીઓને વર્ષના ચાર સિલિન્ડર પણ રીફીલ કરી આપવાની બાબત પણ વિચારણા અંતર્ગત છે. આ ઉપરાંત ૫૦૦ ગામોને મોબાઈલ કનેક્ટીવીટીથી જોડવા તેમજ ૧૫ હજાર જેટલા હળપતિ ગૃહ નિર્માણ યોજના અંતર્ગત આવાસો બનાવાશે.

આ પ્રસંગે વિધાનસભાના દંડક રમેશભાઈ કટારાએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા તમામ આદિવાસી જિલ્લાઓનો સર્વાંગી વિકાસ થાય એ માટે વિવિધ યોજનાઓનું સુદ્રઢ અમલીકરણ કરાયું છે અને આ જિલ્લાઓમાં શિક્ષણ, વીજળી, પાણી, આવાસ, આરોગ્ય, સિંચાઈ જેવી પાયાની સુવિધાઓ સુલભ થઈ છે.

સાંસદ જસવંતસિંહ ભાભોરે જણાવ્યું કે, વનબંધુ કલ્યાણ યોજના આદિવાસી જિલ્લાઓના સર્વાંગી વિકાસમાં પાયાની કામગીરી કરી છે. વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત હજુ એક લાખ કરોડ રૂ. ના વિકાસ કાર્યો થકી આદિવાસી વિસ્તારોની કાયાપલટ થઈ જશે તે નક્કી છે.

આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ શીતલબેન વાઘેલાએ રાજ્ય સરકાર દ્વારા આદિવાસી જિલ્લાઓમાં કરવામાં આવેલા વિકાસકાર્યોનો ચિતાર આપ્યો હતો. પૂર્વમંત્રી અને ધારાસભ્ય બચુભાઈ ખાબડે પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ વિભાગ, દાહોદ તેમજ અન્ય વિભાગો દ્વારા વિવિધ યોજનાઓના મંજૂરીપત્ર ૨૦ જેટલા લાભાર્થીઓને મહાનુભાવોને હસ્તે આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત આયુષ્યમાન ભારત- મા કાર્ડ કેમ્પ પણ કાર્યક્રમ સ્થળે યોજવામાં આવ્યો હતો. જેનો નાગરિકોએ લાભ લીધો હતો. રાજ્ય કક્ષાના મંત્રી સુથાર તેમજ મહાનુભાવોએ અત્રેની ગર્લ્સ હોસ્ટેલની મુલાકાત લઈ છાત્રાઓને મળતી સુવિધાઓનું નિરીક્ષણ કર્યું હતું.

કાર્યક્રમમાં લીમખેડાના ધારાસભ્ય શૈલેષભાઈ ભાભોર, કલેક્ટર ડો. હર્ષિત ગોસાવી, લીમખેડાના પ્રાંત અધિકારી, પ્રાયોજના વહીવટદાર બી.ડી. નીનામા, સીંગવડ તેમજ લીમખેડાના તાલુકા પંચાયત પ્રમુખઓ, જિલ્લા તેમજ તાલુકા પંચાયતના સભ્યઓ ઉપસ્થિત રહ્યાં હતા.

# સુખસર ગ્રામ પંચાયત વોર્ડ નંબર ૪ ના વિજેતા જાહેર થયેલ સભ્યની વિરૂદ્ધમાં ઉચ્ચ કક્ષાએ રજૂઆત

ફતેપુરા,

ફતેપુરા તાલુકાના સુખસર ખાતે રહેતા ઈમરાનભાઈ મજીદભાઈ બુઢાએ ફતેપુરા મામલતદાર સહિત જિલ્લા અને રાજયકક્ષાએ રજૂઆત કરતા જણાવ્યું છે કે, સુખસર ગ્રામપંચાયતના વોર્ડ નંબર-૪ ના સભ્ય તરીકે વિજેતા જાહેર થયેલ ઉમેદવાર ઈરફાનભાઈ મહમદભાઈ મોઢીયા નાઓ નિયત મર્યાદા કરતાં વધુ બાળકો ધરાવતાં હોય તેઓને સભ્યપદ માટે ગેરલાયક ઠેરવવા બાબતે ફતેપુરા તાલુકા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારીને રજૂઆત કરવામાં આવી હોવાનું જાણવા મળે છે.ફતેપુરા મામલતદાર પી.એન. પરમાર દ્વારા તેમની રજૂઆત સાંભળીને યોગ્ય તપાસ કરી કાર્યવાહી કરવાની ખાતરી આપી હોવાનું જાણવા મળે છે.ફતેપુરામાં તાલુકા વિકાસ અધિકારી જગતસિંહ ઠાકોર દ્વારા રજૂઆતને ધ્યાને લઈ તેઓને સાંભળી તાત્કાલિક સંબંધિત અધિકારીઓને તપાસ કરી યોગ્ય પગલાં લેવાના આદેશો કર્યા છે.આ બાબતે ઈમરાનભાઈ મજીદભાઈ બુઢા એ તાલુકા વિકાસ અધિકારી ફતેપુરા, મામલતદાર ફતેપુરા,વિકાસ કમિશનર ગાંધીનગર, મુખ્ય ચૂંટણી અધિકારી ગાંધીનગર સહિત કલેકટર દાહોદ તથા ડી.ડી.ઓ દાહોદ,પ્રાંત અધિકારી ઝાલોદ સહિતનાઓને રજૂઆત કરી છે.

આમ, સુખસર ગ્રામ પંચાયત વોર્ડ નંબર-૪ ના સભ્યપદના વિજેતા જાહેર થયેલ ઉમેદવાર નિયત મર્યાદા કરતાં વધુ બાળકો ધરાવતાં હોય સભ્યપદ માટે ગેરલાયક ઠેરવવા સ્થાનિક થી લઈ ઉચ્ચ કક્ષા સુધી રજૂઆત કરતાં ફતેપુરા તાલુકામાં ચકચાર મચી જવા પામી હોવાનું જાણવા મળે છે.

# દે.બારીયા નગર પાલિકા શું બુલ્ડોઝર રાજ ચલાવી રહી છે...? પાલિકાના શોપીંગના દબાણો કોની રહેમ નજર...?

દે.બારીયા,

દે.બારીયા નગર પાલિકાનું વહિવટી તંત્ર અને શાસન કરતાના ઈશારે તા.૨૭/૧૨/૨૦૨૧ સોમવારના રોજ દબાણોના બહાના તળે એક જ કોમના લારી-ગલ્લાને ટારગેટ કરી તેઓને રોજી-રોટીથી વંચિત કરી દીધા છે. શું આમ બુલ્ડોઝર રાજ નથી...? કોઈને આપણે રોજી આપી શકતા નથી તો રોજીને છીનવી લેવાનો અધિકાર પણ નથી. દબાણોના નામે તેમને હટાવી બીજે ક્યાં તેમનું પેટ્યું રળશે. જવાબ આપો... વહિવટી તંત્ર અને શાસકો જે દબાણો ટ્રાફિકને નડતા હોય તેને દુર કરાવો કોણ ના પાડે છે પરંતુ જે રોડ થી ૨૦૦ મીટર દુર હોય તો તેવા લારી-ગલ્લા તે પણ એક ચોક્કસ કોમના હટાવવા કેટલું વ્યાજબી છે. આ કાર્યવાહી આવતી નગર પાલિકાની ચુંટણીના સંભવિત ભાજપના ઉમેદવારોને મુશ્કેલી લાવશે. જેથી હાલના



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

ભાજપના ચાલુ વોર્ડ મેમ્બરો અને સંભવિત ભાજપના યુવા કાર્યકરો આ કાર્યવાહીને રોકે તેવી માંગ છે. હાલની બોડીમાં લઘુમતી વિસ્તારના બે ભાજપના વોર્ડ મેમ્બરોને ચૂંટીને મોકલ્યા પણ છે. તેઓ આ બુલ્ડોઝર રાજ વિશે ચૂપ કેમ છે...? તે યક્ષ પ્રશ્ન છે.

અત્રે ખાસ ઉલ્લેખનિય છે કે, છોટાઉદેપુર રોડ ઉપર અને જે ગેરકાનૂની રીતે શાસક અને પ્રશાસનની મીલીભગતથી ગેરકાનૂની રીતે બાંધ કાર્ય કરીને ૬૫ જેટલી દુકાનો જે હાલમાં સંપૂર્ણ પણ સીલ કરેલી છે. તેની બીલકુલ સામે નગર પાલિકાના શોપીંગ સેન્ટરની લીઝ ઉપર આવેલી દુકાનોના લીઝ માલિકો એ પાછળની દુકાનો હતી. તેના શટલો લાગેલા હોવા છતાં પોતાની દુકાનોમાં ગેરકાનૂની રીતે આગળની દુકાનોમાં પાકા બાંધકામ કરીને સળંગ દુકાનો કરી લીધી છે અને ગેરકાનૂની કબ્જો કરી લીધો હોવા છતાં પાલિકા તંત્ર આંખ આડા કાન કરી રહ્યું છે કેમ...? પાછળની દુકાનો કબ્જો લેવામાં આવતો નથી શું ...? આમાં શાસકો સામેલ છે. તેવા અનેક સવાલો ઉપસ્થિત થયા છે. શું શોપીગની પાછળની દુકાનોનો ગેરકાનૂની કબ્જો નથી...? આ ગેરકાનૂની કબ્જાને કોણ દુર કરાવશે. તેવું આમ જનતા પૂછી રહી છે. આનો જવાબ કોણ આપશે...? જેથી વડોદરા ઝોનમાં આવતી દે.બારીયા નગર પાલિકા દરેકે દરેક કાર્યનું નિરીક્ષણ જરૂરી છે. તો કમિશ્નરશ્રી આમાં હસ્તાક્ષેપ ક્યારે કરશે અને શોપીંગની સ્થળની મુલાકાત ક્યારે લેશે. તેવું આમ જનતામાં ગણગણાટ થવા પામ્યો છે.

# દાહોદ પંચાલ સમાજની વાડી ખાતે સર્વરોગ નિદાન અને ચિકિત્સા કેમ્પ યોજાયો

દાહોદ,

દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ અને નવયુવક મંડળ દાહોદના સયુંકત ઉપક્મે તથા જિલ્લા આર્યુવેદિક અધિકારી દાહોદ તથા આર્યવેદિક મેડિકલ ઓફિસર ખરોદા, મેડિકલ ઓફિસર ગડોઈ, મેડિકલ ઓફિસર ગારખાયાના સહયોગથી દાહોદ જિલ્લાના મુખ્ય મથક દાહોદ ખાતે પંચાલ સમાજની વાડી, ચેતના સોસાયટી દાહોદ ખાતે સર્વરોગ નિદાન અને ચિકિત્સા કેમ્પ યોજાઈ ગયો. જેમાં દાહોદ નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલ, જિલ્લા આર્યુવેદિક અધિકારી ચંદનભાઈ આર. બામણ, મેડિકલ ઓફિસરો, પંચાલ સમાજ પ્રગતિ મંડળ અને નવયુવક મંડળના હોદેદારો, પંચાલ સમાજ યુવા અને મહિલા સંગઠનના હોદ્દેદારો અને આર્યુવેદિક નિદાન અને ચિકિત્સા



કેમ્પમાં લાભાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા આર્યુવેદિક અધિકારીએ તથા નગરપાલિકાના પ્રમુખ રીનાબેન પંચાલે તંદુરસ્ત સમાજ નિર્માણ માટે તંદુરસ્ત સ્વાસ્થ્ય નિર્માણ જરૂરી છે. તે બાબત ઉપર ભાર મૂક્યો હતો. નગર પાલિકાના પ્રમુખે જણાવ્યું કે, કોરોના અને એમોક્રોન માથું ઉચકી રહ્યો છે. ત્યારે તમામ લોકોએ રસી મુકાવવી જોઈએ અને ફરજિયાત માસ્કનો ઉપયોગ કરવો જોઈએ. કોરોના ગાઈડ લાઈન મુજબ અનુસરવું જોઈએ.

આ કાર્યક્રમમાં યોગ શિક્ષક દ્વારા યોગ અને પ્રાણાયામનો કાર્યક્રમ કરાવી નિયમિત યોગ પ્રાણાયામ કરી તંદુરસ્ત સ્વાસ્થ્ય રાખવા અનુરોધ કરવામાં આવ્યો હતો.

દાહોદ જિલ્લા માંથી પંચાલ સમાજના તથા જાહેર જનતાએ મોટી સંખ્યામાં આર્યુવેદિક નિદાન અને ચિકિત્સા કેમ્પનો લાભ લીધો હતો. આર્યુવેદિક ફાર્મા રાકેશભાઈ પંચાલના પ્રયાસ થકી સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન થયું હતું.

દાહોદ જિલ્લા પંચાલ સમાજ પ્રગતિ મંડળ દાહોદ અને નવયુવક મંડળ દાહોદ દ્વારા આભારની લાગણી સાથે અને અન્ય ઝોનમાં આ પ્રકારના નિદાન અને ચિકિત્સાના કેમ્પ કરવાની માંગણી સાથે કાર્યક્રમનું સમાપન થયું હતું.

# દાહોદ જીલ્લા શૈક્ષણિક સંકલનની મીટીંગ યોજાઈ

દાહોદ,

દાહોદ જિલ્લા શૈક્ષણિક સંકલન સમિતિ ની એક અગત્યની મીટીંગ તારીખ ૨૭/૧૨/૨૦૨૧ ને સોમવાર ના રોજ ૧૧.૦૦ કલાકે જી.પી.ધાનકા મા.અને ઉ.મા શાળા, દાહોદ ખાતે યોજવામાં આવી હતી. જેમાં અધ્યક્ષ તરીકે ગોપાલભાઈ ધાનકા અને પ્રમુખ મહેન્દ્રભાઈ પટેલ તથા ઉપપ્રમુખ ગજેન્દ્રભાઈ પરમાર ઉપસ્થિત રહ્યા હતા. સૌ પ્રથમ મહામંત્રી ઈશ્વરભાઈ પરમાર દ્વારા શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું અને પછી એજન્ડા મુજબની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. કર્મચારીઓના વિવિધ પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી અને તે પ્રશ્નો લેખીતમાં જીલ્લા શિક્ષણાધિકારીને ટુંક સમયમાં રજૂ કરવા જવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

# દે.બારીયાની આહાર સંસ્થા અનુદાન વગર સેવાકાર્યની ધુણી ધપાવી



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

બારીયાના ગરીબોની બેલી આહાર સંસ્થા એ પ્રેમ + દયા +પ્રામાણિકતા +સ્વચ્છતા = પ્રભુ પૂજા માં માનનાર અને બારિયાની એક માત્ર એવી સંસ્થા કે કદીપણ કોઈની પાસે કોઈપણ જાતના અનુદાન ની માંગણી / અપીલ કર્યા વગર કે કોઈપણ જાતના સમાજ/નાતજાતના ભેદભાવ વગર દેવગઢ બારિયામાં રહેતા ગરીબ અને જરૂરિયાતમંદોને કોઈપણ જાતની અરજી કર્યા વગર સૌથી ઝડપી તમામ પ્રકારની સહાય જેવીકે --મફત સ્વાદિષ્ટ/પૌષ્ટિક ભોજન -અપંગ અને ઘરડા લોકોને ઘેરબેઠા મફત ટિફિન -મફત પ્રાથમિક સારવાર-મફત જીવનજરૂરિયાતની તમામ વસ્તુઓ લોટ-કાચું અનાજ-કાચું શાકભાજી-સ્ટીલના વાસણો-કપડાં-ચંપલ-કુકર-છત્રી-ગાદલા- ખાટલા-બળતણ માટે લાકડા-ઠંડીમાં ધાબળા તેમના છોકરાઓને અભ્યાસ માટે નોટબુકો-યુનિફોર્મ-અનાથ છોકરીઓને દર મહિને કીટ-જુદી જુદી સ્કૂલોમાં દફતર-યુનિફોર્મ-નોટબુકો-બુટ,મોજા-બે વર્ષોજૂની બારિયાની સરકારીન શાળાઓનું નવીનીકરણ-સરકારી દવાખાનાઓમાં અવારનવાર ફ્રૂટ-બિસ્કિટ-રોજગારી માટે વિધવા બહેનોને સિલાઈ મશીન-જરૂરિયાત વાળાઓને નવા પાકા મકાન -ગરીબોના જન્મદિવસની ઉજવણી-ગરીબોને દરવર્ષે ધાર્મિક પ્રવાસ-બાળકોને વોટરપાર્ક નો પ્રવાસ-કોરોના કાળમાં ગામના રક્ષક જવાનોને દરરોજ રોટલીઓ-ગામવાસીઓને આહારની ઈલેક્ટ્રિક રિક્ષામાં ઘેરબેઠા દૂધ-દહીં-છાસની સેવા--પૂરગ્રસ્તોની સહાય જેવા અનેક સામાજિક કાર્યો દેવગઢ બારિયાના પછાત અને ગરીબ લોકો માટે કરી ખુબજ ટૂંકા ગાળામાં સૌના સહકારથી આજે સમાજમાં વધુને વધુ લોકપ્રિય થતી રહી છે. બારીયાની એક માત્ર સંસ્થા કે જે પોતાના કાર્યબળ થકી કોઈનીપાસે અનુદાન માગ્યા વગર ગામના ગરીબોનું જીવનધોરણ ઊંચું લાવવાના પ્રયાસોની સોડમ ચારે કોર ફેલાવી રહી છે.

# સીંગવડના કેસરપુર ગામેથી ૨૧ હજારના એલ્યુમિનીયમ વાયરોની ચોરી થતાં ફરિયાદ

દાહોદ

દાહોદ જિલ્લાના સીંગવડ તાલુકાના કેસરપુ ગામે અજાણ્યા ચોર ઈસમોએ એલ્યુમિનિયમના ખુલ્લા વાયરો કિંમત રૂ.૨૧,૫૯૩/- જે ચોરી કરી લઈ જતાં પોલીસમાં ફરીયાદ નોંધાવા પામી છે. ગત તારીખ ૧૮ મી ડિસેમ્બરના રોજ રાત્રિના કોઈપણ સમયે અજાણ્યા ચોર ઈસમોએ કેસરપુર ગામે મૂકી રાખેલા એલ્યુમિનિયમના ખુલ્લા વાયરો જેમાં એકવારની લંબાઈ ૨૩૦ મીટર લેખે કુલ ત્રણ એલ્યુમિનિયમના વાયરો જેની કુલ કિંમત રૂ. ૨૧,૫૯૩/- ની કોઈ અજાણ્યા ઈસમો ચોરી કરી લઈ જતાં આ સંબંધે દાહોદ ગોદી રોડ વિસ્તાર ખાતે રહેતા ગોવિંદસિંહ મંગળાભાઈ ભુરીયા દ્વારા રણધીકપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજસ્થાનના ચુરૂમાં દશ લાખનું નકલી સોનું પધરાવી છેતરપીડી કરીને આવલે ઢઢેલાના યુવાનને ફતેપુરા પોલીસે ઘર દબોચ્યો

દાહોદ,

રાજસ્થાનના ચુરૂ જીલ્લાના સજ્જનગઢ તાલુકાના બેરાસરબડા ગામે રહેતા સોમવીરસિંહ સજ્જનસિહ જાટને ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામે રહેતા અરવિંદભાઈ ગોતમભાઈ ચારેલે અસલી સોનાની માળા છે. તેવું કહી નકલી સોનાની દશ લાખની કિંમતની માળા પધરાવી આરોપી સોમવીરસિહ સજ્જનસિહ પાસેથી દશ લાખ રૂપિયા લઈ છેતરપીડી કરી ફરી માદરે વતન આવી પહોચી ચુરૂ થી નાસી છુંટયો હતો. સોમવીરસિહ સજ્જનસિ જાટને પોતે છેતરાયો હોવાની ખબર પડતા રાજસ્થાનના ચુરૂમાં આરોપી અરવિદ ગોતમભાઈ વિરૂધ્ધ છેતરપીડીની ફરિયાદ નોધાવી હતી. ફરિયાદ દાખલ થતા ફતેપુરા પોલીસને આ બાબતની જાણ કરાતા ફતેપુરા પોલીસે છેતરપીડીના ગુનામા સંડોવાયેલ આરોપીને ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી કરી છે. ફતેપુરા તાલુકાના ઢઢેલા ગામનો રહેવાસી અરવિદ ગૌતમ ચારેલે ચુરૂના સોમવીરસિહને દશ લાખની નકલી સોનાની ચેન પધરાવી પરત વતન આવી પહોચ્યો હતો. છેતરપીડીનો ભોગ બનનાર ફરિયાદીની ફરિયાદ આધારે આરોપી ગોતમને તેના ઘરેથી સીપીઆઈ ચુડાસમા, કોન્સટેબલ વિનુજી મેરૂજી, કોસ્ટલ કિરણભાઈ, હિતેશભાઈ, રણજીતભાઈના ઓને સાથે રાખી ટીમ બનાવી આરોપીને ઘર દબોચી રાજસ્થાન પોલીસને સોપ્યો છે.

# દાહોદ ગ્રામ્યના અનાસ-રાછરડા ખાતે યોજાયું ભગત સંમેલન

દાહોદ,

દાહોદ તાલુકા ગ્રામ્યના અનાસ ગામ ખાતે જનજાતી સુરક્ષા મંચ દ્વારા હિન્દુ ધર્મ રક્ષાર્થ ભગત સંમેલનનું આયોજન થયુ હતું. જેમા આશપાસના હિન્દુત્વ પ્રેમી કાર્યકર્તાઓ અને ભક્તો સંતો મોટી સંખ્યામા ઉપસ્થિત રહ્યા હતા. સભાને સંબોધન કરતા પુજ્ય સંત મથુરદાસજી મહારાજે પોતાના અનુભવો અને ૧૯૯૨થી આ કાર્યમા જોડાયેલ છે. જેના કારણે અમારા ગામમા કોઈ ધર્મ પરિવર્તન નથી કરી શક્યા કહી સંત સમાજની સાચી સક્રિયતા રજુ કરી હતી અને ગૌરવશાળી સનાતનની પરંપરા આગળ ધપાવવા સૌએ તન, મન, ધન થી સહકાર કરવા જણાવ્યું હતું. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ નડિયાદ વિભાગના સહ કાર્યવાહમાં વિષ્ણુભાઈ પટેલજીએ વર્તમાન સમયમા હિન્દુ સમાજની સ્થિતિ અને પડકારો સામે કઈ રીતે કામ કરવુ જોઈએ અને હર એક હિન્દુની સેવા માટે આગળ આવવુ જોઈએ અને આપણે સંગઠિત રહીશું. જાગૃત રહીશું તો દેશ, ધર્મ વિરોધી પ્રવૃતિઓ અટકશે માટે સમયાંતરે ભેગા મળવુ જોઈએ અને ભજન સત્સંગના માધ્યમથી સમાજ જાગરણ કરવા પર ભાર મુક્યો હતો. આજના આ કાર્યક્રમને સંબોધિત કરતા જનજાતી આગેવાન અજીતદેવ પારગીએ એમની શૈલી મુજબ હિન્દુ વિરોધી પ્રવૃતિમા લાગેલા લોકોને આડે હાથ લીધા હતા અને ગુરૂ ગોવિંદ જેવા સંતોની વાતોને ધારણ કરી માનગઢ સ્વાભિમાન જન જનમાં જાગૃત કરવા આહ્વાન કર્યું હતું અને ધર્મ રાષ્ટ્રમાટે સદાય તન, મન, ધન થી સમર્પિત રહ્યો છે. તેવા આદિજાતી સમાજનું લોભ, લાલચના પ્રલોભનો આપી કંઈ રીતે ધર્માન્તરણ કરાઈ રહ્યુ છે. તેની રજુઆત કરી હવે સમાજ જાગી રહ્યો છે અને ધર્માન્તરણ જેવી રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિઓને હવે હિન્દુ યુવાન સાંખી નહી લે. હિન્દુ ધર્મ સામેના છળકપટ અને ષડયંત્રો સામે હિન્દુ યુવાનોને લડવા માટે મજબુર ન કરો. હિન્દુ જાગે છે. તો ૬ ડિસેમ્બર જેવુ શૌર્ય પણ કરી શકે છે અને હજારો વર્ષના ગુલામીના ચિન્હને ધ્વંસ્ત કરી શકે છે. આજે અયોધ્યા કાશી ભવ્યતા ધારણ કરી રહી છે. ત્યારે અહીંનો હિન્દુ સમાજ પણ સક્રિય બને અને પોતાના દેશ પોતાના સમાજ બંધુઓની સેવામા આગળ આવે તેમ કહ્યું હતું. નરેશભાઈ માવીજી અને રાજેન્દ્રભાઇ ચોર્યાજીએ આભારવિધિ કરી કાર્યક્રમ પુરો થયો હતો. આજના આ કાર્યક્રમના આયોજનમાં ખુબ મહેનત કરી એવા રાકેશભાઈ ખસાવત, બચુભાઈ બબેરિયા, વિજયભાઈ ભાભોર, સુરેશભાઈ તાહેડ, ગોમાભાઈ ધાણકી તથા સૌ આગેવાનો કાર્યકર્તા અને સમાજના અગ્રણીઓને ખુબ ખુબ ધન્યવાદ.

# દાહોદ શહેરનાપડાવ પ્રાથમિક શાળામાં રોટરી ક્લબ ઓફ ડાયમંડ, દાહોદ દ્વારા ચિત્રકામ સ્પર્ધકોને પ્રોત્સાહિત કરાયા

દાહોદ,

સમાજ સેવાને વરેલી, સમાજ વિકાસમાં હંમેશા સહભાગી બનતી રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદના પ્રમુખ વીણાબેન પલાસ, મંત્રી હુસેનભાઈ, રો.ખાન ચંદ ઉડવાની, રો.દીપેન્દ્રસિંહ સિસોદિયા,





તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

રો.હીરાલાલ સોલંકી, રો.કાળીદાસ ગાંધી, રો.શબ્બીર નગદી દ્વારા પડાવ પ્રાથમિક શાળાના ધો.૧ થી ધો.૫ માં અભ્યાસ કરતા બાળકોને ચિત્રકામમાં રસ પડે, ઉત્સાહ વધે, ભાગ લે, તેવા શુભ આશય સાથે ૩૫૦ થી વધુ બાળકોને ચોકલેટનું વિતરણ કરાયું હતું અને ચિત્રકામમાં વિજેતા થનાર બાળકોને પ્રમાણપત્રો, શિલ્ડ અર્પણ કરી પ્રોત્સાહિત કરવાની ઘોષણા કરાઈ હતી. પડાવ પ્રાથમિક શાળાના આચાર્ય માળી અને સ્ટાફ ગણનો કાર્યક્રમને સફળ બનાવવા સહકાર આપ્યો હતો.

# દાહોદના NSS એકમની સ્વયંસેવિકા જાગૃતિ શર્માની RD પરેડ માટે રાજ્યકક્ષાએ પસંદગી

દાહોદ,

નવજીવન સાયન્સ કોલેજ દાહોદ, NSS ની સ્વયંસેવીકા જાગૃતિ શર્માએ તા.૧૧-૨૨ ઓક્ટોબર ૨૦૨૦ મહરાષ્ટ્રમાં Pre-RD પરેડ કેમ્પમાં ભાગ લીધો હતો. જેમાં તેની પસંદગી રાજ્યકક્ષાએ થઈ છે અને આગામી ૨૦૨૨ આવનારા પ્રજાસત્તાક દિવસ ઉજવણીનો રાજ્યકક્ષાનો કાર્યક્રમ ગીર સોમનાથ ખાતે યોજાશે. જેમાં તે ભાગ લેશે. રાજ્યકક્ષાએ RD પરેડમાં પસંદગી પામી NSS સ્વયંસેવીકા જાગૃતિ શર્માએ શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટિ, ગોધરા, દાહોદ અનાજ





મહાજન સાર્વજનિક એજ્યુકેશન સોસાયટી, કોલેજ તથા દાહોદ જિલ્લાનું ગૌરવ વધારેલ છે. તે બદલ એન.એસ.એસ. સ્વયંસેવીકા જાગૃતિ શર્માને સંસ્થા અને કોલેજ પરિવાર ખુબ ખુબ અભિનંદન પાઠવે છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 25, No.109

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

## પંચમહાલ જીલ્લાની ચાર દૂધ ઉત્પાદક મંડળીઓમાં

# ઓડીટ દરમ્યાન સેક્રેટરી દ્વારા નાણાંની ઉચાપત સામે આવતાં નોંધાઇ ફરિયાદ

ગોધરા, કાલોલ તાલુકાની ઘી પરૂણા, આથમણા, સુરેલી સહકારી દુધ ઉત્પાદક મંડળીનું ૧ એપ્રિલ ૨૦૧૭ થી ૩૧ માર્ચ ૨૦૧૯નું ઓડીટ તેમજ ૧ જુલાઈ ૨૦૧૮ થી ૩૦ જુન ૨૦૧૯ ઓડીટ હાથ ધરવામાં આવ્યું હતું. ઓડીટ દરમિયાન મંડળીના સેંક્ટરીઓએ હોદ્દાનો દુરઉપયોગ કરીને સરકારી નાણાંની ઉચાપત કરી અંગત ખર્ચ માટે વાપરી નાખતાં આ બાબતે ચાર સેંક્ટરીઓ વિરૂદ્ધ ફરિયાદ વેજલપુર પોલીસ મથકે નોંધાવા પામી છે.

વિસ્તૃત વિગતો પ્રમાણે ગોધરા તાલુકાની ઘી ભીમા દુધ ઉત્પાદક સરકારી મંડળીનું વર્ષ ૧ જુલાઈ ૨૦૧૮ થી ૩૦ જુન ૨૦૧૯ના ઓડીટ હાથ ધરવામાં આવ્યું હતું. ઓડીટ દરમિયાન સહકારી દુધ ઉત્પાદક મંડળીના સેંક્ટરી ગોપાલભાઈ ઓનાપસિંહ ચૌહાણે પોતાનો હોદ્દાનો દુરઉપયોગ કરીને રૂા.૪,૪૫,૨૬૯/-સરકારી નાણાં પોતાના અંગત ખર્ચ માટે વાપરીને નાણાંની ઉચાપત કરી.

કાલોલ તાલુકાની ઘી પરૂણા સહકારી દુધ ઉત્પાદક મંડળી, ઘી આથમણા સહકારી દુધ ઉત્પાદક મંડળી અને ઘી સુરેલી દુધ સહકારી મંડળીમાં વર્ષ ૧ એપ્રિલ થી ૩૧ માર્ચ ૨૦૧૯નું ઓડીટ હાથ ધરવામાં આવ્યું હતું. ઓડીટ દરમિયાન પરૂણા દુધ ઉત્પાદક મંડળીના છત્રાભાઈ સામંતભાઈ પરમાર એ સહકારી મંડળીના ૧,૪૪,૩૪૬/- રૂપીયા, આથમણા દુધ ઉત્પાદક મંડળીના સેંક્ટરી ખુમાનસિંહ ઝેણસિંહ જાદવ એ રૂપીયા ૧,૩૮,૨૩૬/-તેમજ સુરેલી દુધ ઉત્પાદક મંડળીના સેક્રેટરી કિરીટસિંહ છગનસિંહ પરમાર દ્વારા સરકારી નાણાં રૂપીયા ૭,૬૪,૭૦૦/-ની ઉચાપત કરી અંગત કામે ખર્ચ કરી નાખતા આ બાબતે વેજલપુર પોલીસ મથકે દિલીપકુમાર ભગવાનભાઈ વાઘેલા એ ફરિયાદ નોંધાવી.

### પરૂણા, આથમણા, સુરેલી અને ભીમા દુધ ઉત્પાદક મંડળીના સેક્ટરી વિરૂદ્ધ વેજલપુર પોલીસ મથકે ફરિયાદ

### કાલોલ મનરેગાના અધિકારીઓના આશીર્વાદ થી

## વેજલપુર ગામના નવીન સરપંચએ એક તરફ ચૂંટણીના પ્રચારની સાથે ગામમા મજૂરી કામ કરીને કર્યો અનોખો વિકાસ


Job card
MAHATMA GANDHI NATIONAL RURAL EMPLOYMENT GUARANTEE ACT
Name of Head of Household: NAYAK SUGRIBEN BUDHABHAI
Category: OTH
Village: Vejalpur
Panchayat: Vejalpur
Block: KALOL
District: PANCH MAHALS(GUJARAT)
Whether BPL Family: NO
Family Id: 83583540
Details of the Applicants of the household willing
S.No | Name of Applicant | Gender | Age | Bank/Postoffice
1 | NAYAK SUGRIBEN BUDHABHAI | Female | 40 | Dena Bank
Signature/Thumb impression of Applicant
Seal & Signature of Registering Authority
Requested Period of Employment

| S.No | Demand Id | Name of Applicant | Month & Date from which employment requested | No of Days |
|---|---|---|---|---|
| 1 | 283921 | NAYAK SUGRIBEN BUDHABHAI | 01/09/2019--15/09/2019--13 | 13 |
| 2 | 292416 | | 16/09/2019--29/09/2019--14 | 14 |
| 3 | 304570 | | 30/09/2019--13/10/2019--14 | 14 |
| 4 | 489678 | | 24/02/2020--08/03/2020--14 | 14 |
| 5 | 601674 | | 04/02/2021--17/02/2021--14 | 14 |
| 6 | 622897 | | 18/02/2021--03/03/2021--14 | 14 |
| 7 | 638849 | | 04/03/2021--17/03/2021--14 | 14 |
| 8 | 46202 | | 08/04/2021--19/04/2021--12 | 12 |
| 9 | 187654 | | 07/05/2021--19/05/2021--13 | 13 |
| 10 | 546765 | | 01/09/2021--15/09/2021--15 | 15 |
| 11 | 671398 | | 18/11/2021--30/11/2021--13 | 13 |
| 12 | 687789 | | 01/12/2021--15/12/2021--15 | 15 |

કાલોલ, એક તરફ કાલોલ તાલુકાની ૪૪ ગ્રામ પંચાયતનું રણસિંગુ ફૂંકાય ગયું હતુ. ત્યારે તમામ એ તમામ ૪૪ ગ્રામ પંચાયતમાં આચારસંહિતા લાગી ગયેલ હતી. ત્યારે તમામ ગ્રામ પંચાયતના સરપંચ ઓએ સરપંચની ઉમેદવારી નોંધાવી હતી. જોરો શોરથી પ્રચાર પ્રસાર ચાલી રહયો હતો. ત્યારે વેજલપુર ગામની ગ્રામ પંચાયતની અનુસૂચિત આદિજાતિ (સ્ત્રી) સીટ ફળવાતા ચાર મહિલા સરપંચ પદે ઉમેદવારએ ઉમેદવારી નોંધાવી હતી. ત્યારે બીજી તરફ મનરેગા યોજના હેઠળ વેજલપુર ગામમાં કામો ચાલુ હોય તેવુ બતાવી હાલ નવા ચૂંટાયેલા સરપંચ સુગરીબેન બુધાભાઈ નાયક એ કામગીરી કરી હોય તેવું બતાવી સુગરીબેન બુધાભાઈ નાયકના જોબકાર્ડમાં ૧/૧૨/૨૦૨૧ થી ૧૫/૧૨/૨૦૨૧ સુધીની કામગીરી કરી હોય તેવુ બતાવી સુગરીબેન બુધાભાઈ નાયક સરપંચના જોબકાર્ડમાં એન્ટ્રીઓ પાડી કાલોલ તાલુકાના મનરેગા યોજના અધિકારીઓ દ્વારા ખુલ્લો ભ્રષ્ટાચાર આચરવામાં આવ્યો હોય તેવુ સ્પષ્ટ સાબિત થાય છે. જેથી અનેક વખત પંચમહાલ સમાચાર એ અનેક વખત ભ્રષ્ટાચારની પોલ બહાર પાડીને પ્રજા સામે ખુલ્લું પાડેલ તેમ છતાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા મનરેગાના શાખાના અધિકારીઓ સામે કાયદાકીય કોઈ એકશન ન લેતા હોય અને મનરેગાના ભ્રષ્ટાચાર અધિકારીઓને છવારતા હોય જેથી ભ્રષ્ટ અધિકારીઓને કોઈ ઉપલા અધિકારીઓને ડર લાગી રહયો નથી. જેથી દિન પ્રતિદિન કાલોલ તાલુકાની મનરેગા શાખાનો ભ્રષ્ટાચાર વધી રહયો છે. જેથી બીજી તરફ વેજલપુર ગામમા ચર્ચાનો વિષય બન્યો છે કે વેજલપુર ગ્રામ પંચાયતના સરપંચે ગામમાં ઉમેદવારી નોંધાવીને ગામમા કામગીરી કરી હતી કે ચૂંટણી જીતવા માટે પ્રચાર પ્રસાર કરી મેહનત કરી હતી. તે લોકો વિચારી રહયા છે.

વેજલપુર ગામમાં થયેલા કામોમાં ભ્રષ્ટાચાર સામે કાલોલ તાલુકા વિકાસ અધિકારી મનરેગાના ભ્રષ્ટાચારી અધિકારીને લગામ લગાવશે કે પછી છાવર સે તે હવે આવનારો સમયજ બતાવશે.

વેજલપુર ગામમા મનરેગા યોજનામાં થયેલા ભ્રષ્ટાચારની તપાસ ગોધરાની મનરેગા શાખાના અધિકારીઓ તપાસ કરશે ખરા કે પછી તાલુકા વિકાસ અધિકારીની જેમ છાવર શે તે હવે આવનારો સમય બતાવશે.

## ગોધરા પાંજરાપોળથી સિવિલ લાઈન્સ રોડ ઉપર પાલિકાએ ખાડો ખોદવામાં આવતાં રાહદારીઓ પરેશાન

ગોધરા, ગોધરા પાંજરાપોળ થી સીવીલ લાયન્સ રોડ તરફ જવા રસ્તા પર પાલિકા તંત્ર દ્વારા મસમોટો ખાડો પાઈપલાઈનની મરામત માટે જાહેર માર્ગ પર ખોદયા બાદ પુનઃ પુરણ કરવામાં ન આવતા રાહદારીઓ અને વાહન ચાલકો ને ભારે મુશ્કેલી વેઠવાનો વારો આવ્યો છે. ખાડો ખોદયા બાદ પાઈપલાઈન ની કામગીરી મંથરગતિએ ચાલતી હોવાના કારણે સ્થાનિક દુકાનદારો માં પણ ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો અનુસાર ગોધરા પાંજરાપોળ થી સિવિલ લાઈન્સ રોડ તરફ જવાના રસ્તા પર પાલિકા તંત્ર દ્વારા પાઈપલાઈન મરામતની કામગીરીને લઈ થોડા સમય અગાઉ મસમોટો ખાડો જાહેર માર્ગ પર ખોદવામાં આવ્યા બાદ ખાડા નું જરૂરી પુરણ કરવામાં ન આવતા વાહન ચાલકને અકસ્માત નો ભય સતાવી રહ્યો છે. લાંબા સમયથી પાલિકા તંત્ર દ્વારા ખાડો ખોદવામાં આવ્યા બાદ કામગીરી મંથરગતિએ ચાલતી હોવાનો આક્ષેપ પણ સ્થાનિક વેપારીઓ કરી રહ્યા છે.પાલિકા તંત્ર દ્વારા વહેલી તકે પાઈપલાઈન મરામતની કામગીરી પુર્ણ કરી આ મસમોટા ખાડાનું પુનઃ પુરણ કરવામાં આવે તેવી માંગ વેપારીઓ કરી રહ્યા છે. જાહેર માર્ગ પર મસમોટો ખાડો ખોદયા બાદ તંત્ર દ્વારા જરૂરી બેરીકેટીંગ કે પછી કોઈ દિશા સુચક બોર્ડ લગાવવામાં આવ્યું નથી. જેના કારણે ત્યાં થી પસાર થતા રાહદારીઓ અને વાહન ચાલકોને અકસ્માત થવાનો ભય સતાવી રહ્યો છે. ઉપરાંત આ માર્ગ પર મુખ્ય બજાર આવેલું હોવાના કારણે સતત રસ્તો વાહનોની અવરજવર થી ધમધમતો રહેતો હોય છે અને આ વિસ્તારમાં છાશવારે ટ્રાફીકની સમસ્યા ઉદભવે છે. ત્યારે પાલિકા તંત્ર દ્વારા વહેલી તકે પાઈપલાઈનની કામગીરી પુર્ણ કરવા અંગેની તજવીજ હાથ ધરે તે જરૂરી બન્યું છે.

## કોરોના-ઓમિક્રોનના ઝળુંબી રહેલા જોખમ સામે લોકોને જાગૃત કરવા શહેરા પોલીસ દ્વારા માસ્કનું વિતરણ કરાયું


તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા, કોરોના-ઓમિક્રોનના ઝળુંબી રહેલા જોખમ વચ્ચે લોકો વધુ જાગૃત બને અને સંક્રમણથી બચી શકે તે માટે પંચમહાલ જિલ્લાની શહેરા પોલીસ દ્વારા મંગળવારના રોજ જાગૃતિ અભિયાન અંતર્ગત શહેરા નગરમાં આવેલ અણિયાદ ચોકડી અને બસ સ્ટેન્ડ જેવા જાહેર સ્થળો પર માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું. સાથે જ શહેરા પોલીસે શહેરા નગરના નગરજનો અને ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા લોકોને જણાવ્યું હતું કે, કોરોના-ઓમિક્રોન વાયરસની લહેર ખૂબ જ ઝડપથી અને ઘાતક રીતે ફેલાઈ રહી હોય જેથી સંક્રમણથી બચવા તમામે માસ્ક પહેરવું તેમજ સોશિયલ ડિસ્ટન્સ રાખવા સહિત સરકારની માર્ગદર્શિકાનું પાલન કરવું. જો તેમ છતાં પણ લોકો માર્ગદર્શિકાનું પાલન નહીં કરે તો તેમની સામે પોલીસ દ્વારા દંડનીય કાર્યવાહી કરવામાં આવશે તેમ જણાવ્યું હતું.

## સુશાસન સપ્તાહ અંતર્ગત આજે પંચમહાલ જિલ્લામાં ઓનલાઈન રોજગાર ભરતી મેળાનું આયોજન

ગોધરા, રાજયભરમાં ઉજવાઈ રહેલા સુશાસન સપ્તાહ અંતર્ગત પંચમહાલ જિલ્લામાં પણ વિવિધ લોકકલ્યાણકારી કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. જે શ્રેણીમાં જિલ્લા રોજગાર વિનિમય કચેરી, પંચમહાલ અને આઈ.ટી.આઇ ગોધરાનાં સંયુક્ત ઉપક્રમે તા.૩૦/૧૨/૨૦૨૧નાં રોજ બપોરે ૦૧:૦૦ કલાકે ઉમેદવારો માટે ઓનલાઇન ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો તથા એપ્રેન્ટિસશીપ ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ખાનગી ક્ષેત્રમાં રોજગારીની તક માટે ધો.૧૦ પાસ, ૧૨ પાસ, આઈ.ટી.આઈ, અનુભવી, બિન-અનુભવી તેમજ ગ્રેજ્યુએટ, લાયકાત ધરાવતા ઉમેદવારોને રોજગારીની તક તથા એપ્રેન્ટિસશીપની તક આપવામાં આવશે. આ ભરતી મેળામાં પંચમહાલ જીલ્લાનાં નોકરીદાતા દ્વારા મશીન ઓપરેટર, હેલ્પર, સેલ્સ-એક્ઝિક્યુટિવ, ટેલિકોલર, ઓફિસ એક્ઝિક્યુટિવ, ટ્રેઈની જેવી જગ્યાઓ તથા એપ્રેન્ટિસશીપની તક માટે ઉપરોકત જણાવેલ અભ્યાસ ધરાવતા ૧૮ થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા મહિલા તથા પુરૂષ ઉમેદવારો ભાગ લઈ શકશે. ઉમેદવારોએ ઓનલાઈન જોબફેરમાં ભાગ લેવા માટે ગૂગલ મીટ એપ ડાઉનલોડ કરવી ફરજિયાત છે. ઓનલાઈન જોબ ફેર લિંક https://meet.google.com/jch-mymt-iedનો ઉપયોગ કરવાનો રહેશે. ઉકત ઓનલાઇન ઔદ્યોગિક રોજગાર ભરતીમેળો તથા એપ્રેન્ટિસશીપ ભરતી મેળામાં લાભ લેવા રોજગાર અધિકારીએ અખબારીયાદીમાં જણાવ્યું છે.

## ગોધરા નગર પાલિકા દ્વારા પાલિકા પાસે આવેલી એક્સ રે હાઉસ વાળી જગ્યાનો કબજો પરત મેળવવા માટે લેન્ડ ગ્રેબિંગ કાયદા અંતર્ગત અરજી કરી

ગોધરા, ગોધરા નગર પાલિકા દ્વારા પાલિકા પાસે આવેલી એક્સ રે હાઉસની જગ્યા પરત મેળવવા અને કબજો મેળવવા માટે લેન્ડ ગ્રેબિંગના કાયદા અંતર્ગત અરજી કરતા ખળભળાટ મચી જવા પામ્યો છે. જેમાં વિગતવાર માહિતી મુજબ ગોધરા નગર પાલિકા એ ભાડા પટે આપેલી જગ્યામાં ગેરકાયદેસર રીતે કબજો જમાવીને શૈક્ષણિક હેતુ માટે આપવામાં આવેલી જગ્યાને વાણીજીયક હેતુ માટે ઉપયોગમાં લઈ ટ્રસ્ટ દ્વારા હાલની સંસ્થા પાસેથી ભાડું વસુલવામાં આવતું હતું. ત્યારે નગર પાલિકાના સતાધીશોને આ વાત ધ્યાન પર આવતા પાલિકા એ પોતાની જગ્યા પરત મેળવવા માટે લેન્ડ ગ્રેબિંગ કાયદા અંતર્ગત અરજી કરતા શહેરમાં ભારે ખળભળાટ મચી જવા પામ્યો છે. ત્યારે ગોધરા નગર પાલિકાએ કરેલી લેન્ડ ગ્રેબિંગ કાયદા મુજબ કરવામાં આવેલી અરજીમાં બાલ મંદિર ટ્રસ્ટને જે તે વખતે શૈક્ષણિક હેતુ માટે વીસ વર્ષના ભાડા પટે જગ્યા આપવામાં આવી હતી. ત્યારે આ બાલ મંદિર ટ્રસ્ટે હાલમાં ચાલી રહેલા એક્સ રે હાઉસને વાણિજિયક હેતુ માટે જગ્યા ભાડા કરારથી આપીને નગર પાલિકાનું ભાડું બાલ મંદિર ટ્રસ્ટ અને શહેરની એક શૈક્ષણિક સંસ્થા ભાડું લઈ રહ્યા હોવાનો આક્ષેપ નગર પાલિકા દ્વારા કરવામાં આવેલી અરજીમાં કરવામાં આવ્યો છે. ત્યારે નગર પાલિકાની સામાન્ય સભામાં આ જગ્યા માટે લેન્ડ ગ્રેબિંગ કાયદા અંતર્ગત કાર્યવાહી કરવાનો ઠરાવ પાસ કરવામાં આવ્યો હતો. જેથી નગર પાલિકા ગોધરા એ બાલ મંદિર ટ્રસ્ટને ભાડા પટે આપેલી જગ્યાનો કબજો પરત મેળવવા માટે લેન્ડ ગ્રેબિંગ કાયદા અંતર્ગત અરજી કરી હતી. ત્યારે નગર પાલિકા ગોધરા દ્વારા આગામી સમયમાં શહેરમાં પાલિકાની અન્ય જગ્યાઓ પર પણ જો કોઈકે ગેરકાયદેસર કબજો જમાવ્યો હશે તો તેઓની સામે પણ લેન્ડ ગ્રેબિંગના કાયદા અનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ જાણવા મળી રહ્યું છે.

## પંચમહાલ જીલ્લામાં આવેલ તમામ અસંગઠીત શ્રમયોગીઓની નોંધણી કરવાનો જીલ્લા વહીવટી તંત્રનો લક્ષ્યાંક

ગોધરા, કેન્દ્ર સરકાર દ્વારા અસંગઠિત ક્ષેત્રનાં તમામ શ્રમયોગીઓને સામાજિક સુરક્ષા બક્ષવાના હેતુથી વિનામૂલ્યે વીમા યોજનાનો લાભ સરળતાથી મળી રહે તે માટે ઈ-શ્રમ કાર્ડ આપવાનો નિર્ણય કરવામાં આવ્યો છે,જે માટે કેન્દ્ર સરકાર દ્વારા નેશનલ ડેટાબેઝ ઓફ અનઓર્ગેનાઈઝડ વર્કર્સ (NDUW) પ્રોજેક્ટ લોન્ચ કરવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત બાંધકામ શ્રમયોગીઓ, સ્ટ્રીટ વેન્ડર્સ, નાના દુકાનદારો, આશાવર્કર્સ, આંગણવાડી વર્કસ, દૂધ મંડળી સાથે સંકળાયેલા શ્રમયોગીઓ, માછીમારો, ફેરીયાઓ, સ્વ.રોજગાર ધરાવતા શ્રમયોગીઓ, ખેત શ્રમિકો સહિત જે શ્રમયોગીઓના પ્રોવિડન્ડ ફંડ કપાતા નથી અથવા ઈન્કમ ટેક્ષ ભરવાપાત્ર નથી તેવા તમામ શ્રમયોગીઓની અસંગઠીત શ્રમયોગી તરીકે નોંધણી કરી ઈ-શ્રમ કાર્ડ આપવાનું ચાલુ કરવામાં આવ્યું છે. પંચમહાલ જીલ્લામાં તમામ ઈ-ગ્રામ ઓપરેટર્સ તથા કોમન સર્વિસ સેન્ટરના ઓપરેટર તથા સસ્તા અનાજની દુકાન પર કાર્યરત FPS ઓપરેટર દ્વારા નોંધણીની કામગીરી ચાલુ છે. તેમનાં સંયુક્ત પ્રયાસોથી અસંગઠિત ક્ષેત્રનાં ૧.૩૦ લાખથી વધુ શ્રમયોગીઓને આ કાર્ડ આપી દેવામાં આવ્યા છે. જિલ્લાનો ૧૦૦ દિવસનો લક્ષ્યાંક ૧.૨૮ લાખ કાર્ડની નોંધણીનો હતો, જે સમયમર્યાદા કરતા પહેલા પૂરો કરી દેવામાં આવ્યો છે. પંચમહાલ જિલ્લામાં મહત્તમ વસ્તીને આ યોજનામાં આવરી લેવા માટે જિલ્લા વહીવટી તંત્રની સીધી દેખરેખ હેઠળ કાર્યરત ઈ-ગ્રામ ઓપરેટર્સ તથા સીએસસી ઓપરેટર્સ દ્વારા કેમ્પ મોડથી તથા FPS ઓપરેટર્સ દવારા આ કામગીરી કરવામાં આવી રહી છે. ઈ-શ્રમ કાર્ડ માટે રજીસ્ટ્રેશન દરેક ગ્રામ પંચાયતમાં આવેલ ઈ-ગ્રામ સેન્ટર, કોમન સર્વિસ સેન્ટર તથા સસ્તા અનાજની દુકાન પર કાર્યરત ઓપરેટર્સ મારફત કરાવી શકાય છે. રજીસ્ટ્રેશન માટે બેન્ક પાસબુક, આધાર કાર્ડ તથા મોબાઈલ નંબર સાથે હાજર રહેવું જરૂરી છે. ઈ-શ્રમ કાર્ડ ધારકને અકસ્માતે મુત્યુના કિસ્સામાં રૂા. ૨,૦૦,૦૦૦/- (બે લાખ) તથા અપંગતાના કિસ્સામાં રૂા. ૧,૦૦,૦૦૦/- (એક લાખ)ની વીમાની રકમ મળવાપાત્ર છે. ભવિષ્યમાં અમલમાં આવનારી વિવિધ સામાજીક સુરક્ષાને લગતી યોજનાઓ ઈ-શ્રમ કાર્ડ સાથે સાંકળી લેવામાં આવનાર છે. આથી તમામ અસંગઠીતક્ષેત્રના શ્રમયોગીઓને ઈ-શ્રમ કાર્ડ મેળવી લેવા માટે જિલ્લા વહીવટી તંત્ર તરફથી અપીલ કરવામાં આવે છે.

## કોમર્સ કોલેજ ગોધરાના NSS દ્વારા કોરોના અવેરનેસ કાર્યક્રમ યોજાયો



ગોધરા, સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસ એકમ દ્વારા તારીખ ૨૯ના રોજ વિદ્યાર્થીઓને કોરોના બાબતે જાગૃત કરતો એક સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો. જેમાં એન.એસ.એસ.ના પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર અરૂણસિંહ સોલંકી દ્વારા કોરોના અંગે તથા તેની સાવચેતી અંગેની બધી જ બાબતો સરળતાથી સમજાવી હતી અને વિદ્યાર્થીઓને કોરોના બાબતે જાગૃત કર્યા હતા .આ પ્રસંગે ઉપસ્થિત પ્રો.અજીતસિંહ ચૌહાણ દ્વારા માસ્કના મહત્વ પર વિશેષ માહિતી આપવામાં આવી હતી, સાથે સાથે થર્મલ ગન અને સેનેટાઈઝર વિશે પણ વિદ્યાર્થીઓને પૂરતી માહિતી આપી જાગૃત કર્યા હતા. કાર્યક્રમમાં એન.એસ.એસ.ના ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં જોડાયા હતા.

## પાવાગઢ ડુંગર ઉપર કુલુ મનાલી જેવો માહોલ


તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

પાવાગઢ, પાવાગઢ પર્વત પર શિયાળાની મોસમમા કુલુ મનાલી જેવો માહોલ સર્જાયો. પંચમહાલ જિલ્લામાં બે દિવસથી માવઠાની અસર સર્જાઈ છે. જેને લઈ યાત્રાધામ પાવાગઢ ખાતે પણ વરસાદી માહોલને લઈ પંચમહાલ જિલ્લાનું હિલ સ્ટેશન ગણાતું પાવાગઢ પર્વત આહલાદક દ્રશ્યોથી ખીલી ઉઠ્યું છે. છેલ્લા બે દિવસથી વરસતા કમોસમી વરસાદને લઈ પાવાગઢ પર્વત જાને વાદળોની ફોજમાં લપેટાયો હોય તેવા દ્રસ્યો સર્જાયા છે. જ્યારે યાત્રાધામ પાવાગઢ ખાતે દર્શને આવતા માઈભક્તો અને પર્યટકો માતાજીના દર્શનની સાથે સાથે કુદરતી નજારો માણવાની પણ મજા પડી જતા આનંદનો માહોલ છવાઈ જવા પામ્યો છે. જ્યારે પાવાગઢ પર્વત પર લીલીછમ ચાદર ઓઢાડી હોય તેવા દ્રશ્યો પણ જોવા મળ્યા હતા અને કુદરતી સૌંદર્યની સહેલાણીઓએ મજા માણી હતી.

## હાલોલમાં બર્થડે સેલિબ્રેશન માટે આવેલી યુવતીને રેસ્ટોરન્ટના યુવકે પિઝામાં કેફી પીણુ પીવડાવીને આચર્યું દુષ્કૃત્ય

હાલોલ, મસમોટા દાવા ગુજરાત સરકારે કરે છે કે ગુજરાતમાં દિકરીઓ સુરક્ષિત છે પરંતુ વાસ્તિવકતા કંઈક અલગ જ છે. છેલ્લા દોઢ મહિનામાં રાજયના આલગ-અલગ વિસ્તારોમાં દુષ્કર્મ અને આત્મહત્યાના બનાવો વધ્યા છે.તે એક સામાજિક ચિંતા તો છે જ સાથોસાથ ચિંતન પણ. વડોદરામાં જ તાજેતરમાં લગભગ ચાર કે તેથી વધુ દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. નવસારીની યુવતી પર થયેલા અત્યાચારની ઘટના હજુ વણઉકેલી રહી છે.ત્યાં જ વધુ એક યુવતી પર દુષ્કર્મ થયાનો કેસ નોંધાયો છે.પોલીસે હાલોલના આરોપીને ઝડપી લઈ જેલ હવાલે કર્યા છે. ગુજરાતમાં વધુ એક દુષ્કર્મની ઘટના હાલોલમાં ઘટી છે. હાલોલની ૧૬ વર્ષીય કિશોરી સહિત ૬ યુવક-યુવતી બર્થ ડે સેલિબ્રેશન માટે વડોદરાના સમામાં આવેલા પિત્ઝા રેસ્ટોન્ટમાં આવ્યાં હતાં. જ્યાં પિત્ઝા સાથે કેફી પીણું પીવડાવ્યા બાદ રેસ્ટોરન્ટ ચલાવતા યુવકે હરણી પાસેની હોટલમાં લઈ જઈ કિશોરી સાથે દુષ્કર્મ કર્યુ હતું. એ પછી યુવકે કારમાં પરત જતી વખતે દાવડા પાસે કારમાં કિશોરી પર દુષ્કર્મ ગુજાર્યુ હતું. વડોદરાના હાર્દિક પંચાલે ફરીથી ફોન પર બ્લેકમેલ કરી સગીરાને બોલાવી દુષ્કર્મ આચરી ભાડાના રૂપિયા આપી આરોપી ભાગી ગયો હતો.. આખરે કિશોરીએ પરિવારના સભ્યોને વાત કરતા પરિવારે હિંમત આપી અને સગીરાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી. પોલીસે બંને આરોપીની ધરપકડ કરી જેલના સળીયા પાછળ ધકેલ્યા છે. પોલીસે અપહરણ, જાનથી મારી નાખવાની ધમકી, પોક્સો સહિતના ગુનો નોંધી તપાસ હાથ ધરી. સગીરાના હોસ્પિટલ મેડિકલ ચેક અપ માટે મોકલવામાં આવી હતી.

## સુશાસન સપ્તાહ ઉજવણી : ગોધરા ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગનો કાર્યક્રમ યોજાશે

ગોધરા, રાજયભરમાં ૨૫મી ડિસેમ્બરથી ૩૧મી ડિસેમ્બરનાં સપ્તાહની ઉજવણી સુશાસન સપ્તાહ તરીકે કરવામાં આવી રહી છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં આવતીકાલે સરદાર નગરખંડ, ગોધરા ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. સવારે ૧૦.૦૦ કલાકથી યોજાનાર આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયત પ્રમુખ કામિનીબેન સોલંકી અદયક્ષપદે રહેશે. અતિથીવિશેષ પદે ગોધરાનાં ધારાસભ્ય સી.કે.રાઉલજી, હાલોલનાં ધારાસભ્ય જયદ્રથસિંહ પરમાર, કાલોલનાં ધારાસભ્ય સુમનબેન ચૌહાણ ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં રોજગાર/ એપ્રેન્ટિસશીપ પત્રો એનાયત કરવા સહિતનાં લાભોનું વિતરણ કરવામાં આવશે.